॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

માર્ચ ૨૦૨૫ ✻ વર્ષ ૩૯ ✻ અંક ૧૨



## મંદિર આ સંસારનું મંગલ...

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના ધામરૂપ સાક્ષાત્ મંદિરજી

સંતભગવંત સાહેબજીને

પ્રાગટ્ય મહામંગલ અવસરે અનંત વંદના...!




# જીવતરમાં અમૃતનાં વાવેતર કરીએ, દેહને મંદિર અને જીવનને તીર્થ બનાવીએ !

રવિવાર, ચૈત્ર સુદ નવમી, ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૨૫ના પરમ શુભ દિવસે શ્રીહરિ નોમ–પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૨૪૫મો પ્રાગટ્ય–પ્રાદુર્ભાવનો મહા ઉત્સવ !

પાંચ વર્ષ પછી ૨૦૩૦માં શ્રી સ્વામિનારાયણ ભગવાનના આ પૃથ્વી પરના પ્રાગટ્યમંગલનાં ૨૫૦ વર્ષ થશે; અને, ૨૦૩૧ની શ્રીહરિ નોમે ભગવાન શ્રી સ્વામિનારાયણ સાર્ધ–દ્વિશતાબ્દી મહોત્સવના ગગનભેદી વૈશ્વિક જયઘોષ સાથે આ જગતનાં જીવ–પ્રાણીમાત્રનાં આધ્યાત્મિક ઉત્થાનની ઉત્ક્રાંતિયાત્રાના એક નૂતન દિવ્ય યુગના આરંભ થશે !

યાદ રાખીએ – ૨૦૩૧થી ૨૦૪૦નો દશક એ પ્રગટ ગુરુહરિ, શ્રી હરિના પરમ તત્ત્વના ધારક સંતભગવંત સાહેબજીની ૨૦૪૦માં આવી રહેલી પ્રાગટ્ય શતાબ્દી પ્રતિ આપણને દોરી જનારો દશક હશે ! અક્ષરરૂપ થઈ, પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ ગુરુહરિ સાહેબજીના દાસરૂપે, પ્રભુનાં કાર્ય, પ્રભુની રીતે, પ્રભુના પ્રગટ સ્વરૂપને રાજી કરવાના એકમાત્ર ધ્યેયથી આપણાં અસ્તિત્વ અને વ્યક્તિત્વને પ્રભુના સાધનરૂપ બનાવવાની આપણી પ્રાર્થના–અભીપ્સા અને ભક્તિની સિદ્ધિ કરાવનારો એ દશક હશે.

૨૦૩૧માં ભગવાન શ્રી સ્વામિનારાયણની સાર્ધ–દ્વિશતાબ્દી (૨૫૦ વર્ષ)થી ૨૦૪૦માં પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીની શતાબ્દી (૧૦૦ વર્ષ) દરમિયાનનો એ દશક આપણા અનેક, અનંત જન્મોની આધ્યાત્મિક–ભક્તિયાત્રાની પરાકાષ્ઠા રૂપે મંજિલને પામવાનો દશક બની રહે તેની જાગ્રતતા રાખી આ ક્ષણથી જ સજાગ થઈએ, સજ્જ થઈએ, પ્રભુનાં–ગુરુહરિનાં બળ, કૃપા અને આશીર્વાદની યાચના કરીએ.

**આ સજગ-સજ્જતાનાં પાંચ પગલાં છે :**

**એક :** શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરીભાવે અતિ દઢ આશરો. પ્રભુના સર્વોપરીભાવે અતિ દઢ આશરાનો આચરણમાં અર્થ એ થાય કે, મારા જીવનમાં જે કંઈ થયું છે, થઈ રહ્યું છે અને થવાનું હશે તે સર્વના પ્રેરક અને નિયંત્રક મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે, જે મારા માટે સર્વોપરી ભગવાન છે અને તે મારા પરમ હિતકારી છે. હું ભગવાનનો છું ને ભગવાન મારા છે.

**બીજું :** અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના અદ્વય તત્ત્વ – શ્રી અક્ષરપુરુષોત્તમના તત્ત્વના સાંગોપાંગ ધારક ગુણાતીત સત્પુરુષ મારા પ્રગટ ગુરુહરિ સાહેબજીમાં સંપૂર્ણ, સદાય સમ્યક્ નિર્દોષભાવે યુક્ત તેઓ જ મારા કલ્યાણદાદા છે તેવી અચળ પ્રતીતિ.

**ત્રીજું :** પ્રગટ ગુરુહરિ સાહેબજીની અનુવૃત્તિ પ્રમાણે જ જેઓનું પળે-પળનું જીવન પ્રભુને રાજી કરવાના એકમાત્ર ભાવથી ભક્તિરૂપે જિવાઈ રહ્યું છે એવા પરમ ભગવદી સાધુની આજ્ઞાનાં યથાર્થ, પ્રામાણિક, સંપૂર્ણ અને સદૈવ પાલનનો પ્રયત્ન અને આલોચ. અને, તે માટે પ્રભુનાં બળ-કૃપાની અવિરત યાચના.

**ચોથું :** સૌ પ્રતિ દિવ્યભાવ, સૌની સાથેનાં વિચાર, વાણી, વર્તનમાં સૌના સદ્ગુણોને જ દષ્ટિમાં રાખી, પ્રભુનાં નિયંત્રણ-પ્રેરણા-મરજી અનુસાર જ વર્તન કરતા સૌ નિર્દોષ છે તેમ માની, સ્વધર્મયુક્ત કે ગુરુઆજ્ઞા અનુસાર સૌની સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી સેવા કરવાની ઉમંગ-ઉત્સાહસભર તત્પરતા.

**પાંચમું :** પ્રગટ ગુરુહરિ સાહેબજીની સ્મૃતિ સાથે દરરોજ નિયમિત, અનિવાર્યપણે ઓછામાં ઓછી ત્રીસ મિનિટ 'ૐ સ્વામિનારાયણ' મંત્રની ધૂન, પ્રાર્થના; અઠવાડિક સત્સંગસભામાં સમયસર, સ-મન, સક્રિય સહભાગિતા અને સેવા; તથા, ભગવાનની કૃપાથી પ્રાપ્ત જીવનના સમયનો અને આવકનો ગુરુઆજ્ઞા પ્રમાણે દશ કે પાંચ ટકા ભાગ પ્રભુની સેવામાં ધન્યભાવે અર્પણ કરવાની હોંશ.

આપણે અનેક, અનંત જન્મ ધર્યા છે. પૂર્વના કોઈક જન્મમાં પ્રભુનો કે પ્રભુના સાકાર પ્રગટ સ્વરૂપનો સંબંધ પામ્યા હોઈશું, કંઈક યત્કિંચિત સેવા જાણે-અજાણે થઈ હશે તેના અઢળક પુણ્ય પ્રતાપે આ જન્મમાં અતિ દુર્લભ એવા મનુષ્યદેહમાં જન્મ મળ્યો, તેથીય અતિ દુર્લભ શ્રી સ્વામિનારાયણ સત્સંગ મળ્યો, અને તેથીય અતિ દુર્લભમાં દુર્લભ જે પ્રાપ્તિ આપણને થઈ છે તે સ્વામીએ સહિત નારાયણ, અક્ષરે સહિત પુરુષોત્તમના અદ્વય તત્ત્વના ધારક સાકાર પ્રગટ ગુરુહરિ સાહેબજીનો યોગ જે આપણને તો કેવળ ને કેવળ પ્રભુની કૃપાથી જ થયો છે.

તો, હવે સમય ન વેડફીએ. જાગ્રત બનીએ, સજગ ને સજ્જ થવા હવે તો આળસ પ્રમાદ ને ગાફલાઈ છોડીએ જ ! સંતોએ પદમાં ગાયું છે તેમ :

"કોટિ વ્રત દાન તપ જપ કરી જે પામવા, સંતરૂપે મળ્યા સાહેબ ભગવંત."

અને હજીય જો જાગ્રત થવાનું ટાળીશું તો એક દિવસ એવો પણ પરિતાપનો આવશે જેના અણસાર આપતાં સંતોએ ગાયું :

"સરતી સરકતી પળ-પળ, ખળ-ખળ વહેતું જીવન આ ચાલ્યું ;

જાગીને જોયું ને પૂછ્યું – મનવા ! આ જીવતરમાં શું વાવ્યું ?"

આ પ્રશ્ન પુછાય ત્યારે આપણો અક્ષરરૂપ આત્મા જો ખણખણતો જવાબ આપી શકે કે, "અમે તો જીવતરમાં અમૃતનાં વાવેતર કર્યાં છે, આત્મામાં સાહેબના સાક્ષાત્કાર કર્યા છે ; ને તેથી, અમારું આ દેહ મંદિર છે ને જીવન તીર્થ !" ત્યારે જીવ્યું તે જીવતર સાર્થક, સુફલ અને સદ્ ચિદ્ સહજાનંદ બની વહે.

તેવા સદ્ ચિદ્ સહજાનંદરૂપ જીવનની સહજ અવસ્થાની શુભ પ્રાર્થના સહ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સંતભગવંત સાહેબજીને પ્રાદુર્ભાવ-પ્રાગટ્યના મહાપર્વે હૃદયભક્તિવંદન સહ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ! જય શ્રી સ્વામિનારાયણ !

◆

~ સ્વા. શ્રી...

~ સાધુ મનોજદાસ

॥ સ્વામિશ્રીજી ॥

સંસ્કાર સંવર્ધન
કૌશલ્ય પ્રશિક્ષણ

સેવા-ભક્તિ
શિક્ષણ-સત્સંગ



સંતભગવંત સાહેબજીનાં આશીર્વાદ અને પ્રેરણાથી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજી રૂપે

# ॥ અનુપમ સંસ્કારધામ ॥



## દક્ષિણ ગુજરાતના બારાસડી ગામે
## અનુપમ સંસ્કારધામનાં ભૂમિપૂજન તથા ખાત પંચેષ્ટિકા સ્થાપનવિધિ



ખાતપંચેષ્ટિકા મહાપૂજનવિધિમાં રત કાન્તુદાદા અને પરિવારજનો

**દક્ષિણ** ગુજરાતના બારડોલી નજીક આવેલ પલસાણા તાલુકાનું બારાસડી ગામ ! ત્યાંના ભક્તિવંત નિવાસી પૂ. કાન્તુદાદા ! વ્યવહારે સુખી અને સમૃદ્ધ ! તેઓનાં દીકરા-દીકરીઓ પરદેશમાં સુંદર રીતે સ્થાયી થઈ ગયેલાં. પૌત્ર-પૌત્રીઓમાં ઍલનટાઉન મંદિરે યોગી યૂથ કૅમ્પના સત્સંગના સંસ્કારથી કાન્તુદાદા સંતભગવંત સાહેબજીના જોગમાં આવ્યા અને ધીરે ધીરે કાન્તુદાદા, દીકરા ભાવેશભાઈ અને સૌ પરિવારજનો સત્સંગના રંગે રંગાયાં. કાન્તુદાદા-ભાવેશભાઈએ તો યુ.એસ.એ.ના રિચમંડમાં અનુપમ મિશનનું કેન્દ્ર સ્થાપી, મંદિર કરી, મૂર્તિઓ પધરાવી સત્સંગસભાઓના માધ્યમથી અનેક મુક્તોને સત્સંગમાં જોડ્યા.

કાન્તુદાદા ભાવિ પેઢી માટે હંમેશાં ચિંતિત રહેતા ! સેવાભાવી અને પરગજુ કાન્તુદાદાએ બારાસડી ગામમાં શ્રી રણછોડરાયજીના મંદિરનું નિર્માણ કરાવી, દર પૂનમે દર્શનાર્થે આવતા સૌ ભક્તોને પ્રસાદ જમાડવાની સેવા અનેક વર્ષોથી સંભાળી છે. તેઓને વિચાર આવ્યો કે, સંતભગવંત સાહેબજીના તેમજ મંદિર અને સંતોના યોગમાં આવવાથી અમેરિકામાં રહેતાં યુવાન વયનાં દીકરા-દીકરીઓ કુસંગ-વ્યસનનાં વળગણને છોડી પવિત્ર જીવન જીવતાં થઈ શકે તો ભારતમાં તો આ ઘણું સંભવ છે. તેમને દક્ષિણ ગુજરાતના અને ખાસ કરીને પોતાના બારાસડી વિસ્તારના યુવાઓની ભારે ચિંતા હતી. તેથી તેઓએ સંતભગવંત સાહેબજી સમક્ષ પોતાના અંતરની વાત રજૂ કરી. તેઓએ કહ્યું કે, 'અમારા ગામ બારાસડીમાં અમે આપને જમીન આપીએ અને આપ ત્યાં મંદિરનું નિર્માણ કરો કે જેથી પ્રભુ એ ભૂમિ પર બિરાજે અને સ્થાનિક તેમજ આસપાસના વિસ્તારના યુવાઓમાં સંસ્કારનું સિંચન થાય !' તેમના આ ભાવમાં પરિવારના પ્રત્યેક અક્ષરમુક્તોની પૂર્ણ સહમતિ હતી અને તેથી જ તેઓ સૌએ પણ સંતભગવંત સાહેબજીને આ ભાવ સ્વીકારવા આગ્રહપૂર્વક વિનંતી કરી.

તેઓનાં ભાવ અને પ્રાર્થનાને સંતભગવંત સાહેબજીએ સ્વીકાર્યાં અને બારાસડીમાં 'અનુપમ સંસ્કારધામ'ના નિર્માણનો સંકલ્પ કર્યો. આ સંસ્કારધામમાં પ્રભુ અને સૌ ગુણાતીત સ્વરૂપો મૂર્તિ સ્વરૂપે બિરાજશે, સંતોનું સાંનિધ્ય મળશે જેથી સંસ્કાર સંવર્ધનનું અદ્‌ભુત કાર્ય થશે. સાથે સાથે યુવાનો માટે શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન મળે તેવાં વર્કશૉપ અને સ્પર્ધાઓનાં આયોજન કરવામાં આવશે. પ્રેરણાદાયી વ્યાખ્યાનો, લીડરશિપ ટ્રેનિંગ વગેરે કુશળતા વિકાસ માટેના કાર્યક્રમો યોજવામાં આવશે. આમ, આ 'અનુપમ સંસ્કારધામ' યુવાનોને આત્મવિશ્વાસપૂર્વક જીવનમાં સફળતા મેળવવાની દિશા બતાવશે. આ માટે કાન્તુદાદા અને પરિવારજનોએ બારાસડીમાં મોકાની જગ્યાએ આવેલ પોતાની ખૂબ મોંઘી જમીન સહજતાથી અને સહર્ષ ભક્તિભાવે અનુપમ મિશનને અર્પણ કરી ! કાન્તુદાદા અને ભાવેશભાઈના પરિવારનાં સેવા, સમર્પણ અને સૌજન્ય થકી બારડોલી પ્રદેશને અનુપમ નજરાણું પ્રાપ્ત થયું, જે આ પ્રદેશ માટે શાશ્વત સંભારણું બની રહેશે.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી અને પ્રાદેશિક સંતોએ વખતોવખત બારાસડી આ ભૂમિ પર પધારી પુષ્પવૃષ્ટિ કરી, સૌ ભક્તો, કાર્યકરોને માર્ગદર્શન અને બળ પૂર્યાં. ૧૫ ફેબ્રુઆરીએ ભૂમિપૂજન વિધિ સંપન્ન થઈ. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. દિવ્યેશદાસજી, પૂ. મૂકેશદાસજી, પૂ. ઉત્પલદાસજી અને પૂ. કેયૂરદાસજી તેમજ સુરતથી સાધુ પૂ. કાનજીદાસજી પધાર્યા. કાન્તુદાદા અને સમગ્ર પરિવાર સાથે સ્થાનિક તેમજ આજુબાજુનાં ગામોના ને સુરતના અનેક ભક્તોની ઉપસ્થિતિમાં સંતોએ શાસ્ત્રોક્ત રીતે ખૂબ જ ભક્તિભાવથી



બારાસડી મુકામે સંતભગવંત સાહેબજીનાં ભાવપૂર્ણ સ્વાગત



દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવના શુભારંભ



કાન્તુદાદા અને પરિવારજનો દ્વારા જમીનના દસ્તાવેજ અર્પણ



અનુપમ સૂરવૃંદના સંતો-યુવાનો દ્વારા કીર્તનભક્તિ અર્પણ



ખાતપંચેષ્ટિકા મહાપૂજન વિધિના આચાર્યો, ઋષિકુમારો-ઋષિકન્યાઓ



ખાતપંચેષ્ટિકા પૂજનવિધિમાં બિરાજમાન ભક્તિવંત યજમાનો



ખાતપંચેષ્ટિકા મહાપૂજનવિધિમાં બિરાજમાન ભાવિક યજમાનો



હર્ષદભાઈ-પારુલબહેન (પલસાણા-રિચમંડ)નાં સન્માન

ભૂમિપૂજન વિધિ કરાવી ખાતગર્ત તૈયાર કરવાનો પ્રારંભ કરાવ્યો. સંતો સાથે કાન્તુદાદાના પરિવારના સૌ ભક્તોએ ધૂન કરતાં કરતાં આખા પરિસરમાં પુષ્પો છાંટી ભૂમિને પવિત્ર કરી. જે સ્થાને પ્રભુ બિરાજમાન થવાના છે તે સ્થાને ખાતગર્ત તૈયાર થવાનો પ્રારંભ થયો ત્યારથી તેનાં સુશોભન થયાં તે સમગ્ર સમય દરમિયાન કાન્તુદાદાએ દિવસ-રાત કે તડકો-છાંયડો જોયા વગર સતત ઉપસ્થિત રહી સૌ ભક્તો-કાર્યકરોને માર્ગદર્શન અને ઉત્સાહ પ્રેર્યાં. પ્રાદેશિક સંતો સાધુ પૂ. રમેશદાસજી ઝા, પૂ. દિવ્યેશદાસજી, પૂ. મૂકેશદાસજી, પૂ. પિનાકીનદાસજી સાથે સાધુ પૂ. રાજુદાસજી, પૂ. સંદીપદાસજી, પૂ. દિનેશદાસજી, પૂ. કેયૂરદાસજીનાં માર્ગદર્શન મુજબ અત્યંત ભક્તિભાવે અને સંતભગવંત સાહેબજીની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના ભાવ સાથે આ મહામંગલમય પ્રકલ્પના શુભઆરંભ સેવા, સમર્પણ અને ભક્તિથી થયા.

બારડોલી પ્રદેશ એ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ-સરદાર સાહેબની કર્મભૂમિ છે. સમૃદ્ધિ એ સુખ અને સુવિધા આપે, પરંતુ સત્સંગની ખૂટતી કડી 'અનુપમ સંસ્કારધામ' પૂર્ણ કરશે તેવી શ્રદ્ધા સાથે બારાસડી મુકામે ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ આવા અદ્વિતીય સંસ્કારધામની ખાતપંચેષ્ટિકા વિધિ સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી તથા ૩૦થી વધુ સંતો અને ભક્તોનાં સાંનિધ્યે સંપન્ન થઈ.

ખાતપંચેષ્ટિકા વિધિની પૂર્વ સંધ્યાએ-૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સંતભગવંત સાહેબજી બારાસડી મુકામે કાન્તુદાદાના ઘરે પધાર્યા. ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સૌ અનુપમ સ્વજનોએ અનુપમ મિશનના ધ્વજ સાથે રેલી સ્વરૂપે સંતભગવંત સાહેબજીનાં અભિવાદન-સ્વાગત કર્યાં. બાલિકાઓએ શિર પર કળશ ધારી સંતભગવંત સાહેબજી અને સંતોને આવકાર્યા. સ્વાગતનૃત્યની ભક્તિ થકી વાતાવરણ ખૂબ જ આહ્લાદક બની ગયું. રાત્રે કીર્તનઆરાધના યોજાઈ. અનુપમ મિશનના સૂરવૃંદના સંતો-ભક્તો તથા ચિરાગભાઈ અને અમિતભાઈની ટીમ દ્વારા અદ્ભુત કીર્તનભક્તિ અર્પણ થઈ, જેનો બારડોલી પ્રદેશના અનુપમ સ્વજનો તથા દેશ-વિદેશથી પધારેલ અનેક ભક્તોએ લાભ લીધો.

આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોએ કાન્તુદાદા-ઊર્મિલાબા અને પરિવારજનો અને ભાવેશભાઈના મિત્રમંડળ હસમુખભાઈ-મીનાબહેન, રાજેન્દ્રભાઈ-કૌશિકાબહેન, હિનાબહેન, અમૃતભાઈ-નીલાબહેન, આશિષભાઈ-પારુલબહેન, ભાવેશભાઈ-કિરપાબહેન, અમરભાઈ, પરેશભાઈ-નેહાબહેન તથા સમગ્ર આયોજન અને સેવામાં સમર્પિત ભક્તો યોગેશભાઈ, મૂકેશભાઈ (તુંડી), રંજનબા, રુખીબા, સુરતના અશ્વિનભાઈ હીરપરા, હેમંતભાઈ, ડૉ. બિમલભાઈ સુખડિયા, મૂકેશભાઈ સવસવિયા, પૂનમભાઈ શર્મા, રોહિતભાઈ દુધાત તથા હર્ષદભાઈ અને પારુલબહેનને સન્માનના પ્રતીક રૂપે માળા, શાલ, ખેસ અને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે સ્વરાજ આશ્રમ, બારડોલીનાં શ્રીમતી નિરંજનાબહેન કલાર્થી પધાર્યાં, તેઓનું પણ સન્માન કરવામાં આવ્યું.

૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન મુજબ સાધુ પૂ. ઉત્પલદાસજી, પૂ. મૂકેશદાસજી અને પૂ. સરજુદાસજીના આચાર્યપદ હેઠળ થયેલી મહાપૂજન વિધિમાં સાહેબદાદાના પ્રાગટ્યનાં વર્ષ એટલે કે ૮૬ યુગલો યજમાનપદે બિરાજ્યાં. પંચેષ્ટિકા મહાવિધિમાં મુખ્ય યજમાન સ્વરૂપે કાન્તુદાદા, ભાવેશભાઈ તથા સમગ્ર પરિવારના સભ્યો જોડાયા. ખાતપંચેષ્ટિકા મહાવિધિના પ્રારંભે યજમાનોનાં પૂજન, કંકણબંધન, ખેસ અર્પણ વિધિ સંતો તથા

ઋષિકન્યાઓ દ્વારા કરવામાં આવી. આ નૂતન પ્રકલ્પના શિલ્પીઓ સાધુ પૂ. સંદીપદાસજી, પૂ. કેયૂરદાસજી, પૂ. પિનાકીનદાસજી તથા આર્કિટેક્ટ શ્રી અશ્વિનભાઈ ડોબરિયા, અશ્વિનભાઈ હીરપરા આદિનાં તેમજ બાંધકામ સામગ્રીનાં પણ પૂજન કરવામાં આવ્યાં. ત્યારબાદ યજમાનો તથા સંતો દ્વારા ઇષ્ટિકાઓનાં પૂજન કરવામાં આવ્યાં. શ્રી નિધિકુંભ પૂજનવિધિ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી ને સંતો તથા બારડોલી પ્રદેશના સહકારી આગેવાન શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ (છોટે સરદાર), ભાવેશભાઈ, અરવિંદભાઈ આદિ મંચસ્થ મહાનુભાવો દ્વારા પવિત્ર દ્રવ્યોથી કરવામાં આવી. મહાપૂજા વિધિ બાદ ઉપસ્થિત સંતો દ્વારા વિવિધ પૂજાસામગ્રી દ્વારા ખાતગર્તનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ મુખ્ય યજમાનશ્રી કાન્તુદાદા ને પરિવાર સાથે સાધુ પૂ. રમેશદાસજી ઝા ને પૂ. દિવ્યેશદાસજી દ્વારા નિધિકુંભને ગર્તમાં સ્થાપિત કરવામાં આવ્યો. ત્યારબાદ વારાફરતી પાંચ ઇષ્ટિકાઓ (ઈંટો) શ્રી નંદા, શ્રી ભદ્રા, શ્રી જયા અને શ્રી રિક્તાને ચાર અલગ અલગ દિશામાં ને શ્રી પૂર્ણાને નિધિકુંભ ઉપર સ્થાપિત કરીને તેમનાં પૂજન કરવામાં આવ્યાં. ત્યારે સૌએ અત્યંત આનંદ પામી જયજયકારનો ઉદ્‌ઘોષ કર્યો. ઉપસ્થિત વડીલ સંતોએ જળઝારી દ્વારા સુગંધિત જળનો છંટકાવ કરી યજમાનો અને મંડપમાં બિરાજમાન સૌ ભક્તોને આશીર્વાદ પ્રદાન કર્યા. આ પ્રસંગે પૂ. નિર્મળ સ્વામીજી અને સંતો તેમજ બારડોલી પ્રદેશના અગ્રણી મહાનુભાવો, અગ્રણી સમાજસેવક શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ, સુરત-લેવા પટેલ સમાજના અગ્રણી શ્રી મહેશભાઈ સવાણી, ભરત કેન્સર હૉસ્પિટલ સાથે જોડાયેલા શ્રી મહેન્દ્રભાઈ-કતારગામવાળા, સુરત નિવાસી શ્રી દાસકાકા આદિ પ્રતિષ્ઠિત સમાજસેવકો અને શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનોએ પધારી ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં દાતા પરિવારજનો તેમજ અન્ય દાનેશ્વરી ભક્તો પ્રતિ અનુપમ મિશન કૃતજ્ઞતા વ્યક્ત કરે છે તે ભાવ ધરી 'અનુપમ સંસ્કારધામ'ના મંગલાચરણને જીવનનું અદ્‌ભુત સંભારણું ગણાવ્યું. શ્રી ભીખાભાઈ પટેલે જણાવ્યું કે, 'આ ભૂમિ ત્યાગની ભૂમિ છે. સરદાર સાહેબના આશીર્વાદ હતા કે, આ પ્રદેશના ખેડૂતોનાં ઘર પર સોનાનાં નળિયાં હશે. તે આશીર્વાદ તો આજે સાકાર થયા જ છે પરંતુ, એક ખૂટતી કડી-સંસ્કારનું સિંચન - એ પૂજ્ય સાહેબદાદા પૂર્ણ કરવા જઈ રહ્યા છે તેનો વિશેષ આનંદ છે. સાહેબજી જે કાર્ય હાથમાં લે તે અવશ્ય પૂર્ણ થાય છે અને તે માટે અમારો પૂરેપૂરો સહકાર છે.' પૂ. નિર્મળ સ્વામીજીએ આશીર્વચન પાઠવતાં જણાવ્યું કે, 'સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય ચેતના પૂજ્ય સાહેબદાદાના સ્વરૂપમાં આજે વહી રહી છે. યોગીબાપાએ પૂજ્ય સાહેબદાદાને જે આશીર્વાદ આપ્યા હતા તે આજે સાકાર થઈ રહ્યા છે.'

અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં કાન્તુદાદા, ભાવેશભાઈ અને સમગ્ર પરિવારજનોનાં સમર્પણને બિરદાવ્યું. ખાત પંચેષ્ટિકા વિધિ કરાવનાર સંતોને વધાવ્યા. સત્સંગને લીધે જીવનમાં આવતાં હકારાત્મક પરિવર્તનની વાતો કરી સૌને પ્રભુમુખી જીવન જીવવાનો સંદેશ આપ્યો. સંતોના સમાગમમાં રહી ધર્મ, નિયમ અનુસાર કુસંગ-વ્યસન રહિત બની જીવનને ઊર્ધ્વગામી બનાવવા યુવાનોને ખાસ માર્ગદર્શન દીધાં. 'અનુપમ સંસ્કારધામ' આપણી યુવાપેઢીનાં સંસ્કારસંવર્ધન તથા કૌશલ્ય સેવાશિક્ષણ માટે એક મિશાલ બની રહેશે.' આ મહા મંગલમય પ્રકલ્પને એક વર્ષમાં પૂર્ણ કરવાનાં પ્રેરણા અને આશીર્વાદ સંતભગવંત સાહેબજીએ આપ્યાં. તેઓની પરાવાણીનાં શ્રવણથી સૌમાં ભક્તિજ્યોતનું ઓજસ્વી તેજ



અનુપમ સંસ્કારધામના શિલ્પીઓને આશીર્દાન


સંતો દ્વારા ખાતગર્તનાં પૂજન


સાહેબજી અને મહાનુભાવો દ્વારા નિધિકુંભમાં પવિત્ર દ્રવ્યો અર્પણ


બાબુભાઈ વનમાલીનાં સન્માન


સાહેબજી અને સદ્‌ગુરુઓનાં હસ્તકમળમાં નિધિકુંભ


અલ્પ ખાતગર્તમાં પ્રાસાદિક નિધિકુંભનાં સ્થાપન


નિધિકુંભ ઉપર યજમાનો દ્વારા 'પૂર્ણા' ઈષ્ટિકાનાં સ્થાપન


ખાતગર્તમાં ઈષ્ટિકા સ્થાપન સેવા કરનાર સંતો


પ્રસર્યું. આ નિમિત્તે અનેક દાતાઓએ 'અનુપમ સંસ્કારધામ'નાં નિર્માણ અર્થે આર્થિક સેવા-સહકાર પ્રદાન કર્યાં. બારડોલી સુગર ફૅક્ટરીના પૂર્વ મૅનેજિંગ ડિરેક્ટર શ્રી પરેશભાઈ પટેલે આભારવિધિ કરી. સમગ્ર ઉત્સવનું સંચાલન સાધુ પૂ. સરજુદાસજીએ કર્યું.

આ મહામંગલમય પ્રકલ્પના શુભ આરંભ પ્રસંગે મહોત્સવ કમિટીની રચના કરવામાં આવી, જેમાં પ્રાદેશિક સંતો સાથે ગ્રામ્ય વિસ્તારમાંથી કાન્તુદાદા, યોગેશભાઈ, હિતેશભાઈ, અજયભાઈ, રાજુભાઈ (કૅનેડા), પરેશભાઈ, મૂકેશભાઈ (તુંડી), રંજનબા (નિઝર), પિનેશભાઈ (તુંડી) અને સુરત શહેરના મૂકેશભાઈ સવસવિયા, હેમંતભાઈ, અશ્વિનભાઈ હીરપરા, પૂનમભાઈ શર્મા, ડૉ. બિમલ સુખડિયા, રોહિતભાઈ દુધાત, તૃપ્તિબહેન, ચંદ્રિકાબહેન સુખડિયા આદિનો સમાવેશ કરાયો; તે સૌએ મહોત્સવનાં સફળ આયોજન અને સંચાલન માટે સુંદર સેવાભક્તિ અદા કરી.

મંચવ્યવસ્થા તેમજ સુશોભનની સેવા સાધુ પૂ. રમેશદાસજી ઝાનાં માર્ગદર્શન હેઠળ મહેશભાઈ, રોહિતભાઈ, ધ્યાની, વિશાલભાઈ, પિનેશભાઈ, રાજુભાઈ પટેલ (કૅનેડા)એ સુંદર રીતે સંભાળી. ગર્ત સુશોભન માટે સ્થાનિક ભક્ત બહેનોએ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ લીંપણકાર્ય કર્યું. તૃપ્તિબહેનનાં માર્ગદર્શન હેઠળ સુરત મંડળની બહેનોએ ગર્તની દીવાલો પર શ્રી ગણેશજી, શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી ગુણાતીતાનંદ સ્વામીની સુંદર ચિત્રપ્રતિમા બનાવી અને ગર્તનું ફૂલહારથી સુશોભન કરી રંગોળી સજાવી. સમગ્ર મહાપર્વની ફોટોગ્રાફી તેમજ વિડિયોગ્રાફી નિઝરના યુવાન કેયૂરભાઈ દ્વારા કરવામાં આવી.

ખાતગર્ત, નિમંત્રણ, મંડપવ્યવસ્થા, સભાવ્યવસ્થા, સુશોભન, મંચવ્યવસ્થા, ઓડિયો, વિડિયો, ફોટોગ્રાફી, લાઈવ વૅબકાસ્ટિંગ, ઉતારા, ટ્રાન્સપોર્ટ, પાર્કિંગ આદિ સેવાવિભાગોમાં બારાસડીના યોગેશભાઈ તથા તેમની ટીમનું યોગદાન વિશેષ રહ્યું. સાધુ પૂ. રમેશદાસજી-કપિલ, પૂ. હરેશદાસજી, પૂ. જગદીશદાસજી-મામા, પૂ. નિખિલદાસજી, પૂ. નીરવદાસજી, પૂ. હરમીતદાસજી, પૂ. ગૌરવદાસજી આદિ સંતો સાથે સુરતના અરવિંદભાઈ


આશીર્દાન : પૂ. અશ્વિનદાદા


પ્રાસંગિક : શ્રી ભીખાભાઈ પટેલ


આશીર્દાન : પૂ. નિર્મળ સ્વામીજી


આભારવિધિ : પરેશભાઈ પટેલ

બોરડ, જગદીશભાઈ બોરડ, પ્રવીણભાઈ, પ્રફુલ્લભાઈ, શૈલેશભાઈ, ભીખામામા, દિનેશમામા, લલિતભાઈ, સંજયભાઈ બોરડ, અરવિંદભાઈ નાવડિયા અને ટીમે સઘળી સેવાઓમાં માહાત્મ્યથી યોગદાન આપ્યાં. મહાપર્વની તૈયારીના ૧૫ દિવસો દરમિયાન સંતો-હરિભક્તોને જમવા, ચા-નાસ્તાની સેવા ભાવેશભાઈ-કિરપાબહેન, કૌશિકાબહેન, દિનાબહેન અને બારાસડીનાં યુવાન ભાઈઓ અને બહેનોની ટીમ આદિએ ખૂબ જ ભાવપૂર્વક કરી. કાર્યક્રમમાં પધારેલા સંતો-ભક્તોના ભોજનની સેવા કાન્તુદાદા-ભાવેશભાઈના પરિવારે તથા શ્રી પાર્વતીબહેન (તેન ગામ) તેમજ સુધીરભાઈએ કરી. રંજનબા અને નિઝર મંડળનાં બહેનોએ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો, મહેમાનોના ભોજનની વ્યવસ્થા સુંદર રીતે કરી. ‘અનુપમ સંસ્કારધામ’ પ્રકલ્પના શુભ આરંભ પ્રસંગે દેશ-વિદેશના હરિભક્તો પધાર્યા, તેમના ઉતારાની વ્યવસ્થા બારાસડી તેમજ તુંડીના ગ્રામજનો દ્વારા પોતાના નિવાસે ખૂબ જ ભાવથી કરવામાં આવી. બારાસડી, તુંડી તેમજ ચરોતર પટેલ સમાજની વાડી-ગંગાધરા મુકામે પણ સંતો-ભક્તોની રહેવાની સુંદર વ્યવસ્થા ગોઠવાઈ. સાધુ પૂ. પિનાકીનદાસજી, પૂ. દિનેશદાસજી, મૂકેશભાઈ (તુંડી), પીનેશભાઈ, અજયભાઈ-કામિનીબહેને સૌના સહકાર થકી આ કાર્ય સુંદર રીતે પાર પાડ્યું.

સુરત શહેર તથા એના, તુંડી, નિઝર, રૂવા, દિગસ, બારડોલી, ઓરણા, ખંભાસલા, બારાસડી આદિ ગામોથી પધારેલ હરિભક્તોએ તથા કાર્યકરોએ આ પ્રસંગે સત્સંગ, સેવાનો સુંદર લાભ લીધો. સંતોનાં માર્ગદર્શને આ ભક્તોએ વિશિષ્ટ માળાઓ તૈયાર કરી, જે સંતભગવંત સાહેબજી દ્વારા મહેમાનોને અર્પણ કરવામાં આવી. આમ, અપાર ભક્તિભાવ અને સમર્પણથી સમગ્ર ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો. ◆



આશીર્દાન : સંતભગવંત સાહેબજી



સંતોનાં સાંનિધ્યે ભૂમિપૂજન અને ખાતગર્ત નિર્માણ પ્રારંભ



સંતોનાં માર્ગદર્શને ખાતગર્ત તૈયાર કરવાની સેવામાં રત સેવકો



ખાતગર્તમાં શ્રી અક્ષરપુરુષોત્તમની છબિ...

‘અનુપમ સંસ્કાર ધામ’નાં નિર્માણમાં સાથ-સહકાર આપનાર ભાવેશભાઈના મિત્રો :



અંકિતભાઈ, રાકેશભાઈ, અમરભાઈ, ભાવેશભાઈ, આશિષભાઈ



શ્રીમતી નિરંજનાબહેન કલાર્થીનાં સન્માન



સમર્પિત અક્ષરમુક્ત પૂ. રૂખીબાનાં સન્માન



સમર્પિત અક્ષરમુક્ત પૂ. રંજનબાનાં સન્માન




સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**પોષીપૂનમ-મંદિરજી પંચમ પાટોત્સવ મહાપર્વ, ૧૩ જાન્યુઆરી ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**આજે** બહુ મોટો મંગલકારી દિવસ ! આપણા સૌનાય માટે કૃપાએ કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા. યોગીબાપા ઘણી વખત કહેતા કે, 'આપણે કોઈ તપ નથી કર્યું, કોઈ વ્રત નથી કર્યું, કોઈ યજ્ઞ નથી કર્યા, કોઈ એવા વ્રત-નિયમો નથી લીધાં.' કારણ કે, કોઈને સર્વોપરી પ્રભુની ખબર જ નહોતી ! પણ સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે કૃપાએ કરીને આ પૃથ્વી ઉપર, ભારત ખંડને વિશે છપૈયામાં પ્રગટ થયા ને આપણી ગુજરાતની ધરતીને એમણે કર્મક્ષેત્ર બનાવ્યું, એમાં આપણે ફાવી ગયા. એટલું જ નહીં, પણ, એમણે પોતે વરદાન આપ્યું કે, 'આ બ્રહ્માંડમાં પરબ્રહ્મ તત્ત્વ માનવ રૂપે પ્રગટ થયું છે, અને તે આ બ્રહ્માંડને વિશે અખંડ પ્રગટ રહેશે.'

માનવદેહની એક મર્યાદા છે. ૮૦, ૧૦૦ વર્ષ કે થોડું લાંબું જીવન થાય, પણ એ શરીર છોડવું પડે. તો શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે, 'અમે એવા ગુણાતીત સંત-ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ રહીશું.' ગુણાતીત સાધુ એટલે શું ? એનું ગમે એટલું વર્ણન કરીએ તો પણ સમજાય એવું નથી, ખ્યાલ આવે એવો નથી. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને પોતાની સાથે લાવીને આપણને સૌને ગુણાતીતભાવને પામેલા સાધુ કેવા હોય એનું મૂર્તિમાન જીવંત દર્શન કરાવ્યું. એ ગુણાતીતને-મૂળજી શર્માને આજે ભાગવતી દીક્ષા આપી. પોષ સુદી પૂનમના દિવસે નડિયાદ પાસે ડભાણ ગામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને બહુ મોટો યજ્ઞ કરીને મૂળજી શર્માને ભાગવતી દીક્ષા આપી 'નિર્ગુણાનંદ સ્વામી' નામ આપ્યું. પણ એમની અવસ્થા ત્રણ દેહ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થાથી પર-ગુણાતીત હતી. તેથી તેઓ 'ગુણાતીતાનંદ સ્વામી' તરીકે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઓળખાયા ને છવાઈ ગયા અને આપણને સૌને ઓળખાણ કરાવી આદર્શ આપ્યો કે, આ ભાવને આપણે પામવો છે. એટલે આજે આપણા માટે બહુ મોટો ઉત્સવ !

ભગવાનના માર્ગે ચાલતાં, અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના માર્ગે સાધના કરતાં સૌ સંતો, ગૃહસ્થો, યુવાનો-યુવતીઓ સૌને માટે એક આદર્શ છે ગુણાતીતભાવને પામવો. એટલે કે, દેહભાવથી પર થવું-હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઊઠી, કામ-ક્રોધાદિક દોષથી રહિત થવું. જ્યાં સુધી મુઝવણ છે, જ્યાં સુધી તકલીફ છે ત્યાં સુધી માનવને વિટંબણાઓ છે. દેહમાં રહેવા છતાં પણ ગમે એવી પરિસ્થિતિ, ગમે એવા સંજોગો ઊભાં થાય પણ શાંતિ ખોરવાય નહીં અને આનંદ ઓછો ના થાય; એ અવસ્થા દેહભાવથી પર થાય તો જ આવે. અને દેહભાવથી પર થવું એ ગુણાતીતભાવમાં રહેવું, ને એ ગુણાતીતભાવનું મૂર્તિમાન જીવંત દર્શન ગુણાતીતાનંદ સ્વામીએ પોતે આ પૃથ્વી પર માનવરૂપે જીવીને આપણને કરાવ્યું. એવા ગુણાતીતાનંદ સ્વામીનો આજે દીક્ષાદિન !

આપણા માટે વિશેષતા એ છે કે, યોગીજી મહારાજે અમને ૧૯૬૬માં કહ્યું, 'તમને સાધુ બનાવવા છે, પણ ભગવાં કપડાંવાળા નહીં, આ જ કપડે સાધુ બનાવવા છે ને તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.' એ મંત્રદીક્ષા આપી. ૧૯૬૬માં બાપાનું પ્રાગટ્યપર્વ 'શાસ્ત્રી મેદાન'માં ઉજવાયું. ત્યારબાદ પ.પૂ. બાપાના આશીર્વાદ સાથે પ.પૂ. પ્રમુખ સ્વામીજીની આજ્ઞાથી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય છોડીને અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ,

પૂનમભાઈ, વી.એસ.-અમો સૌ બહાર નીકળ્યા. કાકાજી-પપ્પાજીનાં સાંનિધ્યમાં રહીને સાધનાની શરૂઆત કરી. વલ્લભવિદ્યાનગરમાં અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના નિર્માણ પહેલાં યોગીજી મહારાજે જ આણંદ મંદિરે આજ્ઞા આપેલી કે, 'હવેથી તમે સૌ દાદુભાઈની આજ્ઞામાં રહેજો.'

અમે ૧૯૫૭થી વલ્લભવિદ્યાનગરમાં ભણવા આવ્યા. ૧૯૫૭માં બાપાની આજ્ઞાથી ગુરુવારની સભાથી સત્સંગસભા શરૂ કરી. આમ તો, રવિવારે સભા થતી હતી, પણ ત્યારે રવિવારે છોકરાઓ હૉસ્ટેલથી ઘરે જતા રહે એટલે બાપાએ કહ્યું, 'આપણે ગુરુનો વાર રાખો. ગુરુવારે સભા કરો.' ૧૯૫૭થી ગુરુવારની સભા કરતા. પછી છાત્રાલયમાંથી બહાર નીકળ્યા પણ ગુરુવારની સભા ચાલુ હતી. ૧૯૬૬માં અમે 'શ્રીજી કૉલોની'માં રહેતા હતા. ત્યારે આમ જોવા જઈએ તો ખાસ કોઈ સત્સંગીઓ હતા નહીં. અમે આઠ ભાઈઓ સત્સંગસભા કરતા. ૧૯૬૭નો જાન્યુઆરીનો મહિનો અને પોષીપૂનમનો મંગલકારી દિવસ હતો ત્યારે સભામાં કાકાજી ને પપ્પાજી આવ્યા. સોનાબાએ એમને ગુલાબનાં ફૂલ આપેલાં, એ લઈને આવ્યા. કાકાજીએ કહ્યું કે, 'આજે પોષીપૂર્ણિમા છે, ગુણાતીતનો દીક્ષાદિન છે. બાપાએ તમને આ જ કપડે સાધુ રહેવાની મંત્રદીક્ષા તો આપી જ છે. તો ચાલો ! અધિકૃત રીતે આપણે સંન્યાસની દીક્ષા લઈએ.' એટલે ત્યારે ૧૯૬૭માં પોષીપૂનમે કાકાજી-પપ્પાજીએ અમને વ્રત લેવડાવ્યું. કાકાજીએ પોતે જ સંકલ્પ કરાવ્યો કે, "આ જીવન કેવળ ને કેવળ એક ભગવાનને અર્થે સમર્પિત કરવું છે. વિચાર, વાણી ને વર્તનથી ભગવાન રાજી થાય એમ જ જીવન જીવવું છે. ભગવાન રાજી ના થાય એવું કંઈ થાય તો ભજન-પ્રાર્થના કરીને મઠારતા જવું છે ને ભગવાનના થઈને જીવવું છે. જે કોઈ સંબંધમાં આવે એમને મહિમા ગાઈને ભગવાનમાં જોડવા છે. ભગવાન રાજી થાય એવી પ્રવૃત્તિ સંપ-સુહૃદભાવ-એકતા રાખી, સમગ્ર તંત્ર વાપરીને ફૂલફ્લેજ ભગવાનની પ્રસન્નતા અર્થે કરવી છે. અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની જે આહ્‌લેક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજે જગાવી છે તેનો ગોકીરો કરવો છે. એના માટે આપણે સૌ સમર્પિત થયા છીએ." ૧૯૬૭માં પોષીપૂનમે અમે વ્રત ધારણ કર્યું.

આજે આવું મહામંગલકારી પર્વ ! અને ૨૦૨૦માં પોષીપૂનમે આ મંદિરની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ, એનો આજે પાંચમો પાટોત્સવ. આ ત્રિવેણી સંગમ જેવા ઉત્સવો આજે ઉજવાઈ રહ્યા છે. પ્રયાગરાજમાં મહાકુંભ છે, ગંગા, યમુના ને સરસ્વતી નદીઓનો ત્રિવેણી સંગમ છે. ત્યાં જો સ્નાન કરે તો માણસ સર્વ પાપથી મુક્ત થઈ પુણ્યશાળી થઈ જાય, પાપ બધાં બળીને ભસ્મ થઈ જાય. એમ એવો જ સંગમ આજે અહીં થયો છે. ગુણાતીતનો દીક્ષાદિન, વ્રતધારી સંતોનો વ્રતધારણદિન અને આપણી ધામ-ધામી-મુક્તની અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, ગુરુદેવ યોગીજી મહારાજ અને ગુણાતીત સંતપરંપરાની મૂર્તિઓનો પાંચમો પાટોત્સવ; એટલે આ પણ મહાકુંભ છે. આજે અહીં જે જે બધા આવ્યા છે, દર્શન કરે છે, એને મહાકુંભના સ્નાન જેટલું પુણ્ય મળશે, લખી રાખો ! કારણ કે, ઉપાસના એટલી શુદ્ધ છે.

અહીં આવ્યા એ બધા ભક્તો ખરેખર ભાગ્યશાળી ને નસીબદાર છો ! એક એક ભક્ત એકાંતિક છે. ચોખ્ખું થવાનું, શુદ્ધ થવાનું રહ્યું નથી, પણ યાદ રાખો, દેહભાવ છે તેથી આનંદ જતો રહે છે. શાંતિ ખોરવાય છે, ડિસ્ટર્બન્સ આવે છે તો માનવું કે હજુ દેહભાવ છે. તો એનાથી મુઝાવું નથી, અકળાવું નથી, ગભરાવું નથી; કારણ કે, પ્રભુ સર્વોપરી મળ્યા છે. મહંત સ્વામી કહે, 'પ્રાપ્તિ આપણને અદ્‌ભુત થઈ છે, એના મહિમાનો વિચાર કરવો.' ગમે તેવા હોઈશું, પણ પ્રભુ સર્વોપરી મળ્યા છે ! ગમે ત્યાં હોઈશું, પણ આપણી દેખભાળ રાખનારા આ સદ્‌ગુરુ સંતો ને આ સંતો આપણને અદ્‌ભુત મળ્યા છે ! એમની આજ્ઞામાં રહેવું છે, તેઓ રાજી થાય એવું જ જીવવું છે, તેઓ રાજી ના થાય એવું કાંઈ કરવું નથી. થઈ

> ગુણાતીતભાવને પામવો.
> એટલે કે, દેહભાવથી પર થવું-હઠ, માન,
> ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઊઠી,
> કામ-ક્રોધાદિક દોષથી રહિત થવું.





> એ સત્પુરુષને પોતાના ગુરુ માની,
> એમને પોતાનો આત્મા માનીને
> બે હાથ જોડી આજ્ઞા પાળીએ.

જાય તો પશ્ચાત્તાપ, પરિતાપ રૂપી પ્રાર્થના કરવી છે. આટલી સાધના કર્યા કરવાની. સર્વના ગુણ ગાવા છે, ગુણ સાંભળવા છે અને માહાત્મ્યયુક્ત સેવા કરવી છે. ભગવાન ને ભગવાનના ભક્તોની તન, મન, ધન ને આત્માથી નિર્દોષભાવે યુક્ત, 'ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી, મને આ સેવા મળી !' એ મહિમાથી સેવા કરવાથી ભગવાનની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે; યાદ રાખો ! ભગવાન કે સંત કદી કુરાજી થતા નથી, સદાય આપણા ઉપર રાજી હોય છે. પણ, અંતરથી રાજી થાય ને 'આ ખરો' એવું જ્યારે બોલે ત્યારે આપણા દેહભાવ ઓગળવા માંડે છે. એમને અંતરથી રાજી કરવા માટે એક તો, સર્વોપરીભાવે આશરો – 'હું પ્રભુનો, ને પ્રભુ મારા.' મારા પ્રભુ મારા માટે સર્વોપરી છે. મારા હૃદયમાં એમની આજ્ઞાને ટૉપ પ્રાયૉરિટી. ભગવાને કરેલાં સૂચનો, વચનો, નિયમ-ધર્મ એને રાખીને જીવીએ એ સર્વોપરીભાવે ભગવાનને માન્યા કહેવાય. અને પ્રભુ જ્યાં પ્રગટ છે એવા સત્પુરુષની આજ્ઞામાં રહેવું. એ સત્પુરુષને પોતાના ગુરુ માની, એમને પોતાનો આત્મા માનીને બે હાથ જોડી આજ્ઞા પાળીએ. અને જ્યારે પણ સંતો-ભક્તોની સેવાની તક મળે ત્યારે, દોડી દોડીને નિર્દોષભાવે અને મહિમાથી કરીએ તો ભગવાન અંતરથી રાજી થતાં ગમે એવો દેહભાવ હશે એ ઓગળી જતાં બ્રહ્મભાવને પામી જઈશું, યાદ રાખો ! આટલી સીધી ને સરળ સાધના આપણા માટે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા આપણને આપી છે.

આજે આપણે સૌએ પાટોત્સવવિધિનાં સુંદર દર્શન કર્યાં. મોટા ભાગે પાટોત્સવની વિધિમાં પંચામૃતથી, દૂધથી, મધથી – આવાં અલગ અલગ સ્નાન હોય અને પછી છેલ્લે ચોખ્ખાં પાણીથી સ્નાન કરાવે. એની લાંબી વિધિ ચાલતી હોય. આ બધી જે વિધિઓ છે તે ઋષિ-મુનિઓને જરૂરી લાગી છે. ભક્તિમાં આપણને પરોવેલા રાખવા માટે લાંબી વિધિ જરૂરી છે. આજે શાંતિભાઈ, અશ્વિનભાઈ, મનોજદાસજી ને આ સંતોની ટીમે કેટલું બધું સરસ કર્યું ! આપણા પ્રભુની મૂર્તિઓને પૂજારીઓ રોજે રોજ સ્નાન કરાવી ખૂબ સાફસૂથરી રાખે છે, ખૂબ જતન કરે છે. તમે જુઓ તો ગર્ભગૃહમાં સહેજ પણ કચરો જોવા નહિ મળે. મૂર્તિઓ પણ એકદમ ચોખ્ખીચણક હોય છે. પ્રભુનું જેવું સાકાર માનવરૂપનું શરીર છે એ રીતે જ મૂર્તિનું રોજ લાલનપાલન આ પૂજારીઓની ટીમ કરી રહી છે. પ્રભુ ખરેખર આ મૂર્તિમાં પ્રગટ છે એ ભાવથી સેવા-પૂજા કરે છે. ખૂબ ભક્તિથી તેઓ મૂર્તિઓનું એવું જતન કરે છે અને એવા જ ભાવથી આજે સૌ યજમાનો દ્વારા આપણે ખૂબ સુંદર રીતે પાટોત્સવ પૂજન કર્યાં. ખરેખર આપણને દર્શન કરવાનું ગમે ! એનું રહસ્ય કે, વર્ષોવર્ષ આ નિમિત્તે મૂર્તિઓનાં પૂજન થાય, આપણને અદ્‌ભુત દર્શન થાય ને મહિમામાં રહીને ગુણગાન ગાવાનો ને આવા ગુણાતીતભાવને પામવાના આદર્શને સિદ્ધ કરાવે એવા ગુરુ ગુણાતીતના જીવનને માણવાનો આપણને લહાવો મળતો હોય છે.

આજે આપ પધાર્યા તો ખરેખર બહુ ભાગ્યશાળી ને નસીબદાર છો ! ચાલુ દિવસ છે છતાં પણ બધા આવ્યા છો. આવા સમૈયા ચુકાવા ના જોઈએ. મહારાજનું પ્રાગટ્યપર્વ, ગુણાતીતનો દીક્ષાદિન અને એવા જે પ્રાગટ્ય દિવસો આવે એને આપણે સૌ ભેગા થઈને ઊજવીએ. આ રીતે વિવિધ પ્રકારના સમૈયા-ઉત્સવમાં ભગવાને આપણને જોડ્યા છે, કારણ, આપણું મન વાંદરાં જેવું છે, એ શાંતિથી બેસતું નથી. આપણે ભલે ફિઝિકલી શાંતિથી બેઠા છીએ, પણ એ બધે ચકરડાં મારે છે. અમેરિકાવાળા અમેરિકામાં આંટો મારી આવે, કેનેડાવાળા કેનેડામાં, ને ગામડેથી આવ્યા હોય તે ગામમાં આંટો મારી આવે. એ મનને વશ કરવું બહુ અઘરું છે. એ મનને વશ કરવા માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'ભક્તિમાર્ગ એ શ્રેષ્ઠ માર્ગ છે.' ભક્તિ એટલે ભગવાનને રાજી કરવા માટે કરેલું કર્મ. ભગવાન રાજી થાય એવા વિચાર, એવી ક્રિયા, એવું બોલવું, ચાલવું. અને આ સમૈયા-ઉત્સવમાં આપણને એ

માટેનું ફિલ્ડ મળે છે. એટલે અહીં આવવાથી આપોઆપ ભગવાનમાં અને ભગવાનના માહાત્મ્યમાં મન રહેતું થાય અને ભગવાનની સેવામાં મન પ્રવૃત્ત થાય તો સાધના આપોઆપ થશે, સાધના કરવી નહીં પડે. અને આ રીતે ચોવીસ કલાક ને બારેય મહિના મનને વશ કરી પ્રભુમાં જોડવાની સાધના આપણી ચાલી રહી છે. સમૈયા-ઉત્સવમાં આપણે એ કરીએ છીએ.

આજે યોગીજી મહારાજના સંકલ્પે, એમના આશીર્વાદથી, એમની કૃપાથી એમણે જે સૂત્ર આપ્યું, 'સંપ, સુહૃદભાવ, એકતા રાખી હળી-મળીને કામ કરો' એ ચાલી રહ્યું છે. અને બીજું, કોઈ પણ જગ્યાએ ગમે તે ફાયદો થાય-ગેરફાયદો થાય, પણ કોઈનાય અમહિમા, ભાવફેર, માથાકૂટની વાતમાં પડવું નહીં, નહીં ને નહીં. અને કોઈ પાડવા આવે તો ત્યાંથી ખસી જવું. બાપાએ આજ્ઞાઓ કરી એ આજ્ઞા આપણા સમાજમાં એટલી સરસ રીતે, સઘન રીતે જડબેસલાક આવી ગઈ છે કે ખૂણેખાંચરે કોઈ જગ્યાએ જાવ તો કોઈ તમને અમહિમા, ભાવફેરની વાત કરનાર મળશે જ નહીં. અને મળે તો કોઈ એને સાંભળનાર નહીં હોય. ઘણા કહેતા હોય છે કે, 'આખા કૅમ્પસમાં ફરીએ છીએ પણ ખૂણેખાંચરે પણ કચરો નથી એટલું સાફસૂથરું છે.' તો આપણે કહેવું કે, અમારા શરીરમાં પણ ખૂણેખાંચરે કચરો નથી એટલું સાફસૂથરું છે. કોઈ પણ સેવામાં ભાવફેર, માથાકૂટ તમે જોવા જશો તોય મળશે નહીં; એ ખરેખર ગુણાતીતભાવને પામવા માટેની પાયાની શરત છે, યાદ રાખો ! તમે ગમે એટલું ધ્યાન કરશો, ગમે એટલું વ્રત કરશો, ગમે એટલું દાન કરશો, તપ કરીને ગમે એટલાં સુકાઈ જશો, અધ્ધર ચાલશો, પણ જે દિવસે ભગવાન ને ભગવાનના સાધુ ને ભગવાનના ભક્તોનાં મહિમા ને ગુણગાન ગાવાનો સહજ સ્વભાવ થઈ જશે તે દિવસે ભગવાનની પ્રસન્નતાનાં પાત્રો બની ગુણાતીતભાવને પામવાની સાધના સરળ ને આનંદદાયક થઈ જશે.

આ બધા સમૈયા-ઉત્સવમાં આપણી કસોટી થતી હોય છે, માટે જાગ્રતતા રાખવાની. જેમ, આપણે આનંદપૂર્વક જમતા હોઈએ, પણ દાંતમાં ખબર પડે કે કાંકરો આવ્યો છે ને સહેજ ખટક થાય તો ચાવી નથી ખાતા. તરત ઊભા થઈને કોળિયો બહાર કાઢી નાખીએ છીએ. એમ, બધાની સાથે હળો-મળો-વાતો કરો, પણ સહેજ પણ અમહિમા, ભાવફેર કે માથાકૂટની વાત આવે તો તરત ઊભા રહો ને પછી કહો કે, 'આ વાત ના કરીશ.' યોગીબાપા કહેતા, 'મોટા હોય ને આવી વાત કરતા હોય તો ઊભા થઈને ચાલ્યા જવું, એવો વિવેક રાખીનેએમની વાત સાંભળવાની નહીં.' તો આ બાપાનો સિદ્ધાંત છે. યોગીજી મહારાજે આ વસ્તુ એમનાં હેત-પ્રેમથી યુવાનોમાં નાખી અને યુવાનો એ રીતે જીવન જીવ્યા તો અત્યારે મહંત સ્વામી સાથે બધા સંતો, અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ બધા સંતોને જોઈએ તો ખ્યાલ આવે કે, પાયાની આ સાધના બાપાએ કરાવી ને પછી સેવામાં, ભક્તિમાં જોડ્યા. અને ભગવાનનું ભજન કરવા માટે સંસારથી વિરક્ત બનાવી એમના કાર્યમાં જોડ્યા ને અત્યારે તો પ્રભુધારક સાધુ થઈ ગયા. કેટલા બધા સાધુ-સંતો ને પ્રગટ ભગવાનના અવતારોની કે જેમના દ્વારા ભગવાન પ્રગટ વિચરે છે, એવા ગુણાતીતભાવને પામેલા સંતોની યોગીજી મહારાજે, પ્રમુખ સ્વામીએ, કાકાજી, પપ્પાજીએ આપણને ભેટ આપી, તો આપણે એમનું ઋણ કેવી રીતે અદા કરી શકીએ ? પણ આ રીતે હાંહાંગડથલ રૂપે ભેગા મળીને ભક્તિ કરીએ, ગુણગાન ને મહિમા ગાઈએ અને ભગવાનને જ રાજી કરવાનો આલોચ રાખી, હળીમળી-એકમના થઈને આપણે સઘળાં કાર્યો કરીએ. એવું કરવાનું આપણને સર્વને બળ, બુદ્ધિ, પ્રેરણા પ્રભુ આપે એવી પ્રભુચરણે, ગુરુચરણે આજે આ ત્રિવેણીસંગમ રૂપ ગુણાતીતના દીક્ષાદિન, સંતોના વ્રતધારણદિન અને પંચમ પાટોત્સવ પ્રસંગે પ્રાર્થનાઓ !

સૌ રાજી રહેજો ! જય શ્રીસ્વામિનારાયણ ! ◆

> સંતો-ભક્તોની સેવાની તક
> મળે ત્યારે, દોડીદોડીને નિર્દોષભાવે અને
> મહિમાથી કરીએ તો
> ભગવાન અંતરથી રાજી થતાં ગમે એવો
> દેહભાવ ઓગળી જતાં
> બ્રહ્મભાવને પામી જઈશું,







## અવતાર અવતારીનો ભેદ

વાંકમાં આવે તેનું છેદન કરે
તાડન કરે... નાશ કરે તે અવતાર.
વાંકમાં આવે ભૂલ કરે તેને માફ કરે
સ્વભાવનું પરિવર્તન કરે
દોષ મૂકાવે ને ગુણથી ભરે તે અવતારી.
સહજાનંદે તલવાર મુકાવી માળા આપી
નમાવનારને નમતા કર્યા
વિરોધ કરનારને પોતાના કર્યા
અક્ષરનાં સુખ માણતા કર્યા
તેથી અવતારી તરીકે સ્વીકારાયા.
હે મુક્તો...!
આપણે ભાગ્યવાન
અવતારી-પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ
તેઓની નિષ્ઠા દૃઢ થઈ
તેઓનું ધામ ગુણાતીત
તે સદાકાળ પ્રગટ અને પ્રત્યક્ષ
તેવા પરમ ભાગવત-બ્રહ્મરૂપ દ્વારા
તેવા સત્પુરુષ દ્વારા.
તમને જે મળ્યા તેને માનો-સ્વીકારો
પૂર્ણ દિવ્યભાવના દૃઢ કરો
'સ્વ' રહિત થઈ જવાશે
ગુણથી પર બ્રહ્મરૂપ થવાશે
તે સત્પુરુષ આપણે સાહેબમાં જોયા
સ્વીકાર્યા... માણ્યા... સમર્પિત થયા
ધન્ય ધન્ય થઈ ગયા.
હવે સહજાનંદ સહજાનંદ... ◆

બ્રહ્મજ્યોતિ, યુ.કે., ૨૨.૮.૨૦૦૫
પૂ. રજનીભાઈ પ્રાગટ્યદિન

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



## હે પ્રભુપરમ ! હે સહજાનંદ !

'ભક્તિરૂપે જે કરે કરાવે
તે હું... કરું નિઃશંક થઈ...'
મારા પ્રત્યેક વિચારે તું
ક્રિયા સર્વ તું જ કરે
કર્મ તને પ્રસન્ન કરવા જ
'હું' શૂન્ય
તારામાંથી આવે તે જ થતું રહે
તારી વિરાટ વિશાલ શક્તિ સ્રોતની અનુભૂતિ
તારા પ્રત્યક્ષ સ્વરૂપ સાહેબજી
સાહેબજીનાં સંબંધવાળાં આ સૌમાં
સતત સહજ અનુભવાતી રહે
સહજ સ્વીકારાતી રહે
સૌનાં વર્તન તારી પ્રેરણાથી
સૌને તને રાજી કરવા ઘેલછા
સૌ અક્ષરમુક્તો તે મનાયેલું રહે
સૌનાં દર્શન કરી ધન્યતાની અનુભૂતિ રહે
તે કૃપાની યાચના છે
અને તે તો સહજાનંદ છે.
આવો ! પ્રભુ આજે આપ પ્રગટ્યા
આપના સ્વરૂપને સૌ પામે
આપની પ્રત્યક્ષતાને સ્વીકારે
સહજાનંદ પામે ને સૌને આપે
તે હેતુ આપના પ્રાગટ્યનો
તે અમ જીવનમાં મનાતો રહે
તે ભાવસમાધિ અનુભવાતી રહે
તે કૃપા કરો તે પ્રાર્થના છે.
આપના પ્રાગટ્ય મંગલે આટલું કરી આપો
તે વિનંતીસભર અભીપ્સા છે ! ◆

સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, ૧૪.૪.૨૦૦૮
શ્રી હરિજયંતી, રામનવમી.



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

પોષીપૂનમ-મંદિરજી પંચમ પાટોત્સવ મહાપર્વ,
૧૩ જાન્યુઆરી ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**આજે** ત્રિવેણી ઉત્સવ છે. ગયા વર્ષની ગ્રીષ્મ શિબિરમાં ગુરુહરિ સાહેબદાદાએ યુવાનોને એક બહુ સુંદર સૂત્ર આપ્યું : 'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુપ્રસન્નતા !' બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આપણને શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના વર્તમાનકાળે જે સ્વરૂપે સુલભ બનાવી આપી છે એ જ ગુણાતીતજ્ઞાનની સાર્થકતા છે. ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા અહીં વિવિધ પ્રસંગો કહીને જણાવાયો. અક્ષરબ્રહ્મ ગુણાતીતનો આટલો મહિમા હોય તો પરબ્રહ્મ પુરુષોત્તમનો કેટલો બધો મહિમા હોય ! અને એ વિચારને આપણે પામીએ તો કેફ ચઢી જાય.

એવો કેફ ચઢેલા ને સુંદર નામવાળા ત્રણ સંતોને આજે અમારી સાધુસેનામાં, નારાયણીસેનામાં અમે આવકારીએ છીએ. અને એ આ સાધુસેનામાં જોડાય એ ઉત્સવમાં આપ ગુણાતીત સમાજનાં તમામ કેન્દ્રોમાંથી સંતો-ભક્તો ઉપસ્થિત રહીને અમને જે પ્રોત્સાહિત કરી રહ્યા છો એ બદલ આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ અને આપનો હાર્દિક આભાર માનીએ છીએ. એક દીકરાનું નામ છે 'સ્મિત' !-પ્રભુની ભક્તિ આનંદપૂર્વક સસ્મિત ! ભગવાનના ભક્તોની સેવા-પરિચર્યાને અહોભાગ્ય માનીને એ પોતે સેવા કરી રહ્યો છે અને અભ્યાસ પૂર્ણ કર્યા પછી સાધુ યજ્ઞેશદાસજીની સાથે સેવામાં જોડાયો છે. ખરેખર, એના નામ પ્રમાણે સ્મિતપૂર્વક, આનંદથી, પ્રસન્નતાથી પ્રભુનું ભજન કરવા માટે, સર્વ પ્રકારે ગુરુની અને પ્રભુની ભક્તિ અદા કરવા માટે પોતે જીવન સમર્પિત કરે છે ત્યારે એનાં માતાપિતાને પણ ધન્યવાદ આપીએ છીએ ! પ્રભુ-પરમાત્માની ભક્તિમાં પોતાનાં સંતાનોને આનંદપૂર્વક શ્રી ગુરુચરણે અર્પણ કરે છે એવાં પરિવારજનોને પણ અમે સૌ સંતો લાખ લાખ વંદન કરીએ છીએ ! બીજા દીકરાનું નામ છે 'કીર્તન' ! શ્રવણમ્, કીર્તનમ્ - નવધા ભક્તિનો પાયો એટલે કીર્તનભક્તિ કરવી. પૂજારી તરીકેની સેવામાં આવેલા કીર્તનનો અમારી સાધુસેનામાં કીર્તનભક્તિની હોંશ, ઉમંગ અને આનંદને વધારવા માટે ઉમેરો થઈ રહ્યો છે. ત્રીજા દીકરાનું નામ છે 'રોનક' ! અમારી સાધુસેનામાં તે સિવિલ કન્સ્ટ્રકશનમાં સેવા આપી રહ્યો છે. અમારા ઍન્જિનિયર્સ સંતોની સાથે એ વર્ષોથી સેવામાં જોડાયો છે. 'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુ પ્રસન્નતા !' એ વાક્યને કૃતાર્થ કરવા માટે અમારા સંતોની સાથે ટ્રેઈની તરીકે જે યુવાનો આવ્યા અને એમણે પ્રભુ પ્રસન્ન કરવાનો સાચો માર્ગ પકડી લીધો, એ બદલ એમને ધન્યવાદ !

'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુપ્રસન્નતા !' ભગવાનની પ્રસન્નતા, ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત થાય એટલે આ જીવનમાં પ્રાપ્ત કરવા જેવું જે કંઈ પણ હોય તે સઘળું પ્રાપ્ત થાય છે. અને ભગવાં હૃદયના સાધુ બનાવવાનો સંકલ્પ કરનારા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના હસ્તે અને આશીર્વાદ સાથે દીક્ષિત થયેલા સંતો જ્યારે આશીર્વાદ આપવા માટે આપણા મહોત્સવમાં પધારે ત્યારે સોનામાં સુગંધ ભળે છે ! અમે સૌ વ્રતધારી સંતો એમના શ્રી ચરણોમાં મસ્તક નમાવીને પ્રણામ કરીએ છીએ. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આપને જે ગુરુમંત્ર આપ્યો અને ત્યાગાશ્રમ સ્વીકારીને આપે ગુરુ અને પ્રભુની રોનક વધે એવું સાધુચરિત જીવન જીવીને, અમારા સર્વને માટે દીવાદાંડીરૂપ આપનું આખું જીવન છે ! અમને સૌનેય ગુરુહરિ સાહેબદાદા ને શ્રી ઠાકોરજી મહારાજ સાધુગુણે સંપન્ન કરી આપે એવી આજે ગુરુ ગુણાતીતના દીક્ષાતિથિના દિને પ્રાર્થના કરીએ છીએ.

સાધુ મનોજદાસજીએ શાસ્ત્રોક્તવિધિ સાથે ખૂબ સુંદર પ્રતિજ્ઞાઓ કરાવી ત્રણેય સંતોને વ્રત લેવડાવ્યું. અને સાથે સાથે ગુરુજનો, વડીલો, માતાપિતાનાં આશીર્વચનોની પણ ખૂબ સુંદર સમજણ આપી. અમે દરરોજ અમારી પ્રાતઃ પૂજામાં આ વાતને સંભારીને વારંવાર તેનું રટણ કરીને જાગ્રતતાપૂર્વક સાધુતાના માર્ગે, પ્રભુકૃપાથી, ગુરુના બળે આગળ ને આગળ વધતા રહીએ તેવી પ્રાર્થના પણ આજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષાતિથિ દિને કરીએ છીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે ગુણાતીતની છાતી પર છડી અડાડીને 'ગુણાતીત એ અક્ષરબ્રહ્મ છે' એમ કહે છે. આપણી અક્ષરપુરુષોત્તમની ઉપાસના, અક્ષરનું પરમ બ્રહ્મતત્ત્વ અને તેઓ જેમને ધારીને રહ્યા છે તે પુરુષોત્તમનું પરબ્રહ્મનું પરમ તત્ત્વ ! એની ધન્યતાથી આપણું ક્ષુલ્લક માનવજીવન પણ ધન્ય બની જાય એવા શુભ વિચાર તે મંદિરનું મહત્ત્વ છે, તે મૂર્તિનું મહત્ત્વ છે, તે મંત્રનું મહત્ત્વ છે અને આપણને એની સાથે જોડનારા સંતનું મહત્ત્વ છે. એ સંતપરંપરાને આગળ વધારવા માટે પ્રગટ ગુરુહરિ સાહેબદાદાની સંતસેનામાં ઉમેરો કરવા આ ત્રણ યુવાનો આજે નૂતન ઉત્સાહ સાથે જોડાય છે ત્યારે એમનું પણ હાર્દિક સ્વાગત કરીએ છીએ. એમને આશીર્વાદ આપવા માટે ઉપસ્થિત રહેલા ગુણાતીત સમાજની સર્વ પાંખનાં સંતો, મહંતો, વડીલો અને માતા-પિતાઓ સર્વનાં શ્રી ચરણોમાં અમે સૌ સંતો સાદર પ્રણામ કરીએ છીએ અને સર્વનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

આદરણીય સંત પ.પૂ. નિર્મળ સ્વામીજી પધાર્યા છે. યોગીજી મહારાજના હાથે દીક્ષિત થયેલા અને સાધુતાના માર્ગે અનેક પ્રકારની કપરી કસોટીમાં પસાર કર્યા હોવા છતાંય પણ જેમણે ભગવા રંગને સહેજેય ઝાંખો પડવા દીધો નથી એવા સાધુ પાસેથી અમને પ્રેરણા મળે છે. યોગીબાપાનો રૂડો સંકલ્પ ૧૪મી મે, ૧૯૬૬માં ભગવાં વસ્ત્રની નહીં, પણ ભગવાં હૃદય કરવાની દીક્ષા આપી તો, અમારા હૃદયના ભગવા રંગને પણ ક્યારેય ઝાંખપ ના લાગે અને યોગીબાપાનું જે સૂત્ર હતું કે, 'યુવાનો મારું હૃદય છે.' એ હૃદયમાં ભક્તિને માટે, સેવાને માટે, સમર્પણને માટે યુવાનીનો તરવરાટ હંમેશાં ધબકતો રહે, છલકાતો રહે એવા રૂડા આશીર્વાદ આપે એવા એમના શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. ગુણાતીત સમાજમાં બહેનો માટે નૂતન દીક્ષામાર્ગ શરૂ થયો. યુવાનો માટે પણ નૂતન દીક્ષાનો આખો માર્ગ શરૂ થયો, તો એની નૂતન દીક્ષાવિધિ પણ શાસ્ત્રોએ, ઋષિમુનિઓએ અને ગુરુજનોએ ઉચ્ચારેલા આશીર્વાદના શબ્દો સાથે આ નૂતન દીક્ષાર્થીઓને આશીર્વાદ સ્વરૂપે પ્રાપ્ત થયા; ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી !

આજના આ દિવસના મહિમાની તો શી વાત કરીએ ! ગુણાતીતાનંદ સ્વામીના જીવન વિશે, એમના દીક્ષાદિન વિશે વાત કરવા માટે આપણે બહુ ટૂંકા પડીએ. પણ એની ધન્યતાનો ભાવ ગ્રહણ કરવા માટે આપણા માનવજીવનની હયાતી દરમિયાન આવા અદ્ભુત પ્રસંગમાં આપણી ઉપસ્થિતિ એ જ આપણા માટે ચિરસ્મરણીય ભાથું બની રહેશે. કદાચ આવું પરાક્રમ આપણે પોતે ના કરી શકીએ; પણ, કોઈ કરતું હોય અને એ પ્રસંગે આપણે હાજર હોઈએ ત્યારે આપણા હૃદયમાં જે ધન્યતાનો ભાવ આવે છે, આપણી આંખોમાં જે હર્ષનાં આંસુ આવે છે એ આપણે કર્યા બરાબર છે ! ગુણ લીધો અને મહિમા સમજ્યા, તો ગુરુ ગુણાતીતની વાતને આપણે ખરેખર સમજ્યા છીએ.

ગુણાતીતાનંદ સ્વામીએ તો કહ્યું છે કે, 'મહારાજનું સ્વરૂપ સમજવું' મહારાજનો મહિમા એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો મહિમા સમજવો, એમની આજ્ઞાનું પાલન કરવું. એમને ધારીને જે અખંડ રહ્યા છે તેવા પ્રગટ સત્પુરુષ સાથે અસાધારણ આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવી અને સર્વની સાથે સુહૃદપણું રાખવું; આ ચાર વાત જીવનું જીવન છે અને એને સદાય સાચવજો એવી રૂડી શિખામણ પણ ગુરુ ગુણાતીતે આપી છે. આ શિખામણ અમે મન પર લઈએ, અમારા રોજિંદા જીવનનાં વિચાર, વાણી અને વર્તન સાથે જડી દઈએ અને સાધુતાની સુવાસ અને અને એના તેજને દીપાવીને ગુરુના પરમ આશીર્વાદ અને કૃપાનાં અમે સૌ પાત્રો બની રહીએ, સુપાત્ર બની રહીએ તેવી આજના દિવસની પ્રાર્થના ! જય શ્રી સ્વામિનારાયણ ! ◆

### * સત્સંગ સમાચાર *

### સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી પ્રાગટ્ય ઉત્સવ

૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના ૬૦મા પ્રાગટ્યદિનની મહિમાપૂર્ણ ઉજવણી સંતભગવંત સાહેબજીનાં સાંનિધ્યે 'પારમિતા' સભાખંડમાં કરવામાં આવી. સભામાં સાધુ પૂ. રમેશદાસજી ઝા, પૂ. સંદીપદાસજી, પૂ. રાજુદાસજીએ પૂ. મનોજદાસજી સાથેના અનુભવ, તેઓની દાસ પ્રકૃત્તિ, વિચક્ષણતા અને વિનમ્રતાનાં સુંદર દર્શન કરાવ્યાં. પૂ. અશ્વિનદાદાએ પૂ. મનોજદાસજીનાં જીવન-માહાત્મ્યને વર્ણવી સૌને પ્રભુ અને ગુરુભક્તિથી સભર રહેવા સમજણ પૂરી પાડી. સંતભગવંત સાહેબજીએ પણ આ પ્રસંગે રૂડા આશીર્વાદ પ્રદાન કરી પ્રભુ પ્રસન્નતાર્થે વિશેષ નિયમ લઈને ભક્તિ અદા કરવાની સમજણ આપી. પૂ. મનોજદાસજીની આદર્શ સાધુતા અને અદ્ભુત ગુરુભક્તિથી પ્રેરણા લેવા અને તેમના દ્વારા ગુરુભક્તિરૂપે થતાં ભગવદ્ કાર્યોમાં સહકાર આપવા પ્રેરણા આપી. ◆

# SAHEBDADA AND SATSANG - We all Love You !

~ Saheli Sheth (Peoria, USA)

**This** month, 85 years ago, Swaminarayan Bhagwan fulfilled His promise of always keeping us under the divine protection of a God-manifest saint. In March 1940, Sant Bhagwant Sahebdada manifested on this earth. In celebration of Sahebdada's *pragatyadin*, I wanted to reflect on the values we access through his teachings.

My career experiences have awakened me to Sahebdada's true glory. As a mental health therapist, I encounter many clients who struggle with self-judgment and negative thoughts. Some wrestle with low self-esteem, which leads to a poor relationship with themselves. Some feel resentment and distrust toward others, which results in troubled relationships with others. Most clients experience a blend of these issues. During these moments, I often catch myself wondering: What *is* the path to healing?

Witnessing my clients' journeys of negative thinking, I see that one critical skill is often overlooked during one's formative years: how to think. We learn how to do math, read books, and say the alphabet, yet the vital skill of thinking—especially positively—is rarely emphasized. No one teaches us how to challenge our negative thoughts and biases. At least, we aren't taught this in formal education.

But I remember being introduced to this skill at just 13 years old during a Yogi Youth Camp in Pennsylvania, where I heard Sahebdada's transformative *mantra* for the first time: "Think positive, and the rest will follow." Each summer camp after that became a crash course on seeing the virtues in others, building harmony, and discovering the God within ourselves. Sahebdada brilliantly filled the skill gap that many adults still long to master: **how to think positively.**

God has continued giving me experiences that leave me indebted to Sahebdada. One day, I had a therapy session with a client shortly after his release from jail for minor theft. After addressing the situation with him - what happened next? His family members had already scolded and disowned him, so I took a different route. Intuitively, I began sharing his positive qualities with him. It was like a voice inside me urged me to see that he needed to hear his worth as a human.

After that session, I was amazed by my own reaction: here was a client recently released from jail, yet it felt effortless to recognize his inherent greatness. How was it so easy? Sahebdada teaches us, "If a person has 99 flaws and one positive virtue, **then to magnify that one virtue is *suhradbhav*.**"

Interestingly, my university also taught me this concept years later, where I learned it is called the "strengths-based approach" in psychology. However, Sahebdada nurtured this skill within me long before any university did. I couldn't help but laugh as I realized that Sahebdada had started training me for this calling long before I even set foot in my college program. The wisdom Sahebdada gives us is priceless yet freely given, simply out of his compassion and love for us.

To dear parents and guardians – this is the importance of connecting our kids with *satsang*. *Satsang* offers the tools that equip us for life. While we may professionally pursue psychology, business, science, or other fields, once we connect with Sahebdada, we enroll in the School of Life. His humble character teaches us to live in harmony with others and ourselves. While Sahebdada certainly teaches us how to be successful students and professionals, the wisdom that he wishes to give us is far more profound: how to be loving, compassionate humans.

On the auspicious occasion of Sahebdada's *pragatyadin*, may we glorify his name by following the values he has modeled for us: thinking positively about each other and ourselves. Happy *pragatyadin*, Sahebdada - we all love you ! ◆

# ભાવિ પેઢીને પ્રોત્સાહિત કરીએ !

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

શું ક્યારેય કોઈએ તમારી સરખામણી કોઈની સાથે કરી છે અથવા તમે કોઈ બીજા જેવા બનો તેવી ઇચ્છા સેવી છે ? ઉદાહરણ તરીકે, સમાજનાં સુંદરતાનાં ધોરણોને આધારે કોઈએ તમારા દેખાવ, ત્વચાના રંગ અથવા વજન અંગે ટિપ્પણી કરી હોય અથવા એવું પણ બન્યું હોય કે, પરિવારના કોઈ સભ્ય તમને અભ્યાસમાં વધુ મહેનત કરવા અને શિક્ષકના પ્રિય એવા તમારા તેજસ્વી સહાધ્યાયી જેવા બનવા માટે કહેતા હોય. અથવા તમારી તુલના અન્ય કોઈ વ્યક્તિ સાથે જેવી કે, કોઈ સુખી પરિવારની, સુવ્યવસ્થિત ઘરની અથવા તમે ઇચ્છતા હોવ તેવું વ્યક્તિત્વ ને કૌશલ્ય ધરાવતી વ્યક્તિ સાથે કરી હોય. તમારી આવી તુલના થાય તે વખતે તમે શું અનુભવતા હતા ?

હવે, તમે જો ક્યારેય પણ તમારા બાળક (અથવા જીવનસાથી, પરિવારજન, પ્રિયજન, આદિ)ની સરખામણી અન્ય કોઈ સાથે કરી હોય તો તેની પર પ્રકાશ પાડવા તમને વિનંતી કરું છું. હું ધારું છું ત્યાં સુધી, આપણાંમાંથી મોટા ભાગનાં લોકો બાળકોને સુધારવા અથવા તેઓ વધુ સારાં બને તેવી ઉમદા ભાવનાથી પોતાનાં બાળકોની સરખામણી અન્ય સાથે કરતાં હોય છે. આમ કરવામાં ઘણું કરીને આપણો ઇરાદો તો શુભ જ હોય છે, પણ ત્યારે તેની અસર ખરેખર શી થતી હોય છે ? આટલાં વર્ષોમાં થોડાં ઘણાં લોકોએ મારી પર વિશ્વાસ મૂકીને જણાવ્યું છે કે, તેમનાં ભાઈ-બહેનની સાથે સરખામણી થતી ત્યારે તેઓ અનુભવતા હતા કે જો તેમનાં માતા-પિતાને માનીતા સંતાનને પસંદ કરવાનું હોય તો તેઓની પસંદ પોતે ના હોત અને જાણે તેઓ તેમના પરિવાર માટે તદ્દન બિન-ઉપયોગી છે. જ્યારે આપણે આપણાં બાળકોની સરખામણી તેમનાં ભાઈ-બહેન, મિત્ર કે સહાધ્યાયી સાથે કરીએ છીએ ત્યારે તેઓ પોતાનામાં આવી જ ઓછપનો અનુભવ કરતાં હોય છે.

સરખામણીના બોજ વગર બાળકો મુક્તપણે કેવી રીતે વિકાસ કરી શકે તે પણ એક સમજવા જેવી બાબત છે. મને યાદ છે કે, દરેક પરીક્ષા પહેલાં મારી મમ્મીના એવા પ્રોત્સાહન સાથે હું મોટી થઈ છું કે, 'બસ તારાથી શક્ય તેટલો શ્રેષ્ઠ પ્રયત્ન કરજે. માર્ક્સ કેટલા આવે છે તે મહત્ત્વનું નથી, પણ તું તારાથી બનતો પ્રયત્ન કરે તે મહત્ત્વનું છે.' મમ્મીના આવા પ્રોત્સાહને મને અને મારી બહેનને સફળતા મેળવવાના દબાણથી દબાઈ જવાને બદલે શીખવાનો આનંદ લેવાની લગની લગાડી. 'સારા ગુણ મેળવજે' અથવા 'તારી મહેનતુ મિત્ર જેવી બનજે' એવું કશું મારાં માતા-પિતાએ મારી બહેનને કહ્યું ના હોવા છતાં પણ તેણે હાઈસ્કૂલમાં ઉચ્ચતમ્ ગુણ સાથે અભ્યાસ પૂર્ણ કર્યો.

મને એ સમજવામાં વર્ષો લાગ્યાં કે, અમારી સરખામણી અન્ય કોઈની સાથે કરવાને બદલે અમને શ્રેષ્ઠ પ્રયત્નો કરવા માટે પ્રોત્સાહન આપીને મારાં માતાપિતાએ અમને જીવનપર્યંત શીખવાનો આનંદ માણવાની કળા શીખવી.

એ જ રીતે, મને યાદ છે કે મારા પિતા કહેતા, 'વાહ ! સત્સંગમાં આ વ્યક્તિ એક શક્તિશાળી યુવાનેતા છે - તું તેના સંપર્કમાં રહેજે, કારણ કે હું તને પણ ભવિષ્યના એક નેતા સ્વરૂપે જોઉં છું.' વર્ષો બાદ, મને સમજાય છે કે, તેમના શબ્દો ક્યારેય 'તારે એમની જેવા બનવું જોઈએ' અથવા 'તું એમના જેવી કેમ નથી ?' એવા નહોતા. એના બદલે, તેમના શબ્દોમાં 'તું આ નેતાને રોલ મોડલ (આદર્શ) તરીકે જોઈને તેમની પાસેથી પ્રેરણા મેળવી શકીશ.' એવી સકારાત્મકતા હતી. મને લાગે છે કે, તેમણે 'સરખામણી'નો આવો વિકલ્પ શોધી લીધો હતો ! આપણાં બાળકો કંઈક વિશેષ બને તેવી અપેક્ષા રાખવાને બદલે આપણે તેમને એક સકારાત્મક રોલ મોડલ (આદર્શ) આપી શકીએ અને તેમને શ્રેષ્ઠ બનવા માટે પ્રોત્સાહિત કરી શકીએ.

મારા પિતાએ કદાચ આ સુંદર પ્રેરણા સંતભગવંત સાહેબદાદા પાસેથી મેળવી લાગે છે. સાહેબદાદાએ મને પણ સારા યુવાઓનો સંગ રાખવા અને તેમને આદર્શ રાખીને તેમની પાસેથી પ્રેરણા મેળવવા આજ્ઞા કરી હતી. મારી આધ્યાત્મિક યાત્રા દરમિયાન સાહેબદાદાએ ક્યારેય મારી સરખામણી કોઈ અન્ય સાથે કરી હોય તેવું મેં અનુભવ્યું નથી. મેં સત્સંગમાં અનેક વખત સાંભળ્યું છે કે, 'આપણી આધ્યાત્મિક યાત્રામાં હરીફાઈ અને સરખામણીનું કોઈ સ્થાન નથી.' સાહેબદાદા કહે છે કે, 'દરેક વ્યક્તિ કે જેમાં તેઓ નિપુણ હોય તેમાં તેઓનું વિશેષ સામર્થ્ય હોય છે.' શિબિર અને સમૈયાનો હેતુ જ એ હોય છે કે, જેમાં આપણાં બાળકોને ઈશ્વરદત્ત પ્રતિભાને પારખવાની અને નિખારવાની પ્રેરણા મળે છે.

આપણાં બાળકો ને પ્રિયજનોમાં પણ પોતાનું આગવું સામર્થ્ય હોય છે, તેને પ્રોત્સાહન આપવાથી તેઓને પોતાની ક્ષમતાઓમાં વિશ્વાસ અનુભવતા સુખી અને પરિપક્વ વ્યક્તિ તરીકે વિકાસ કરવાની પ્રેરણા મળતી હોય છે. જેમ સાધુ ગૌર ગોપાલદાસજીએ જણાવ્યું છે કે, 'લંડનનો સમય ન્યૂયૉર્ક કરતાં પાંચ કલાક આગળ છે. તેનો અર્થ એવો નથી કે લંડન આગળ છે કે ન્યૂયૉર્ક પાછળ છે. બંને પોતપોતાની રીતે તેઓના યોગ્ય સમયે જ આગળ વધી રહ્યાં છે. તેમ તમારો સમય પણ આવશે.' આપણાં બાળકો વિશિષ્ટ સામર્થ્ય લઈને આ વિશ્વમાં આવ્યાં હોય છે અને તેમનો સમય આવશે ત્યારે તેઓ સફળ થશે તેવું માનવાની આપણાંમાં ધીરજ હોવી જોઈએ. અને આપણે દૃઢપણે માનવું કે, ભગવાને આપણા દરેકનું સર્જન કર્યું છે તેથી આપણે સૌ બદલી ના શકાય તેવા અને પરસ્પર સરખામણી ના કરી શકાય તેવાં અજોડ છીએ. ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-ફેબ્રુઆરી, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)

# ॥ ગુરુઆજ્ઞા પાલન : મારો જીવન અનુભવ ॥

~ સ્નેહાલી પટેલ (યુ.એસ.એ.)

**અમેરિકા** દેશમાં ઊછરતાં અમારાં યુવાન દીકરા-દીકરીઓને પ્રભુના ભાવે કેવી રીતે ઉછેરવા ? અમારો અહમ્ બહુ જ મોટો એટલે દીકરા-દીકરી સાથે સ્વભાવની અથડામણ થયા કરે. એકવાર ગુરુદેવ પ.પૂ. શાંતિદાદા સમક્ષ રડી દેવાયું કે, 'ઈચ્છા ન હોવા છતાં ટીનએજ દીકરા પર ગુસ્સો આવી જાય છે. મારો ગુસ્સો કાઢી આપો દાદા !' એના જવાબ રૂપે પ.પૂ. શાંતિદાદાએ એક પ્રાર્થના-આશીર્વાદ મોકલી આપ્યાં. જે વાંચીને સાચી સમજ મળી. એ પ્રાસાદિક આશીર્વાદ પત્ર અત્રે સૌના લાભાર્થે સમાવ્યો છે :

*સ્વામિશ્રીજી*

*હે માતાઓ,*

*તમારાં બાળકો એ પ્રભુની ભેટ માનજો*
*બાળ ઘનશ્યામ... બાલકૃષ્ણનાં જ સ્વરૂપો.. સીતા ને રાધા*
*તેઓને પ્રેમ કરજો... ચોખ્ખો પ્રેમ*
*તેઓની ભૂલની સજા ન કરાય*
*માફ કરી ફરી તે ભૂલ ન કરે તેવી સમજ અપાય*
*તેમાંય ધીરજ ધરવી પડશે*
*એક બે પાંચ દશ પચ્ચીસ વખત માફ કરવા તૈયાર રહેજો*
*તમારા બાળપણને યાદ કરજો*
*સર્વમાં આપણે પ્રભુ જોવાના છે*
*તો બાળકોમાં તો જોવા જ જોઈશે*
*તમે તમારી ઈચ્છા પ્રમાણે તે વર્તે તેવો આગ્રહ ન રાખો*
*તેઓની ઈચ્છાને માન આપજો*
*સ્વતંત્રતા દેજો... હા સ્વચ્છંદ ન બને તે જરૂર જોવું*
*સંસ્કાર દેજો... ગુણ દેજો... ભક્તિ દેજો...*
*તેમાં આગ્રહ રાખજો પણ પ્રેમભીનો*
*તમને ભીડો પડે... અહં ઘવાય તો ક્રોધ ન કરજો*
*ઉદાર દિલે માફ કરજો*
*ગોદમાં લેજો... વ્હાલથી સમજાવજો*
*આવો પ્રેમલ ભક્તિભાવે ઉછેર કરવો તે પ્રભુસેવા છે*
*તે અપેક્ષા રહિતની સેવા છે*
*તેનાથી જ પ્રભુની પ્રસન્નતા મળશે*
*આપ ભક્ત છો... ભક્તના જીવનમાં આ સમજ સહજ હોય*
*તે સમજણે યુક્ત જીવન બનાવજો*
*પ્રભુ પાસે રોજ પ્રાર્થનામાં માગજો*
*સમજ દેવાથી બાળક ન સુધરે... ન માને*
*તો સીધો પ્રભુને પોકાર કરજો*
*પ્રભુ સુધારશે જ તે શ્રદ્ધા રાખજો...!*
*હે પ્રભુ પરમ ! હે બાપા ! હે સાહેબ !*
*સૌ મુકતોને આવી સમજ રાખી જીવવા બળ દો !*

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ. બ્રહ્મજ્યોતિ.... ૨૩-૦૨-૦૩

જ્યારથી આ આશીર્વાદ પત્ર મળ્યો ત્યારથી રોજ સવારે વાંચીને પછી જ દીકરા-દીકરીને ઊઠાડવા એવો પ્રયત્ન શરૂ કર્યો. ચીરવને સવારે ઊઠવાનું ન ગમે, સ્કૂલે જવાનું મોડું થયું હોય એટલે થોડીવાર પ્રાર્થનાની અસર રહે પછી એના એ જ સ્વભાવ અનુસાર ગુસ્સો આવી જાય. એક દિવસ પ.પૂ. શાંતિદાદાને ફોન કરી પૂછ્યું કે, 'હું એને કંઈ કહું જ નહીં, કહેવાનું બંધ કરી દઉં ?' ત્યારે પ.પૂ. શાંતિદાદાએ જે સૂચન રૂપે આજ્ઞા કરી તે આજ્ઞાએ મારા જીવનમાં બહુ જ મોટું કાર્ય કર્યું છે. પ.પૂ. શાંતિદાદાએ કહ્યું કે, 'બેટા, તું એની મા છો, તને યોગ્ય લાગે તે કહેવાનું પણ, ૧. પ્રેમથી કહેવાનું ૨. કહ્યા પછી તું કહે એમ જ તે કરે એવો આગ્રહ નહીં રાખવાનો ૩. કહ્યા પછી તારે એના માટે પ્રાર્થના કરવાની !' આ સૂચનરૂપી આજ્ઞા જીવનમાં આત્મસાત્ થાય તે માટે પૂ. શાંતિદાદાએ અખંડ પ્રેમ વહાવ્યો, પ્રાર્થના રૂપી બળ પૂર્યાં અને હજી આજે પણ એ આત્મસાત્ કરવાની સાધના મારા પક્ષે ચાલુ જ છે.

આ ભાવ આત્મસાત્ કરવા વળી અમારાં બે બાળકો સાથે કેટલી પ્રેક્ટિસ થાય ? એટલે પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપી વર્જિનિયાની એક સ્કૂલમાં ૫ થી ૧૨ વર્ષનાં બાળકો સાથે ૧૩ વર્ષ કામ કરવાનો માર્ગ કરી આપ્યો, જેનાથી જરૂરી તાલીમ મળી અને એનાથી વિશેષ યોગી યૂથ કેમ્પમાં ૫ થી ૮ વર્ષનાં બાળકો સાથે ૨૦-૨૫ વર્ષ સેવામાં જોડ્યાં. સત્સંગી માતા-પિતાનાં દીકરા-દીકરાઓની સેવા આપી કૃતાર્થ કર્યાં.

પ.પૂ. શાંતિદાદાના આશીર્વાદ સાથે પ.પૂ. અશ્વિનદાદા અને પ.પૂ. હર્ષદદાદાના સૂચનરૂપી આજ્ઞાઓ ભળી. એકવાર કાર્યકર્તાઓની મીટિંગ હતી ત્યારે ગુરુદેવ પ.પૂ. અશ્વિનદાદાએ અમને કહ્યું કે, 'આ બાળકોને કેવળ પ્રેમ કરો, કાંઈ શિખવાડવું નથી. એવો પ્રેમ કરો કે, વર્ષોવર્ષ કેમ્પમાં પાછાં આવે.' ત્યારથી દર વર્ષે શિબિરમાં જતાં પહેલાં પ.પૂ. અશ્વિનદાદાને અચૂક ફોન કરું. પ્રાર્થના એક જ થાય કે, 'કેવળ પ્રેમથી કેમ્પમાં આવેલાં બાળકોની સેવા થાય. આપની આજ્ઞાનું અનુસંધાન રાખી સેવાઓ થાય.' પ.પૂ. અશ્વિનદાદા - 'જરૂરથી... અમે પ્રાર્થના કરીશું' એમ કહી સાચા અર્થમાં પ્રેમથી બાળકોને પ્રભુનાં માની સેવા કરી શકીએ તેનું બળ પૂરતા ગયા. આજે જે યુવાન દીકરા-દીકરીઓ યોગી યૂથ કેમ્પમાં આવી મોટાં થયાં છે તે સૌ સાથે એવા પ્રેમથી જોડાઈ ગયાં છીએ કે જેનું શબ્દોમાં વર્ણન કરી શકાય તેમ નથી.

પ.પૂ. હર્ષદદાદાએ એકવાર સૂચન રૂપી આજ્ઞા કરી કે, 'બેટા, આ કેમ્પમાં એક વર્ષ આવો અને બીજે વર્ષે ન આવો તો બાળકોને જુદા જુદા સંચાલકો સાથે રહેવાનું થાય તેથી સહેજ તકલીફ પડે.' ત્યારે સહેજે જ પ્રાર્થના થઈ કે, 'આપ કૃપા કરો, આશીર્વાદ આપો કે, સેવા કરી શકીએ !' સેવા માંગવાથી કે ઈચ્છાથી નથી મળતી પણ શ્રી ઠાકોરજી મહારાજ અને ગુરુની કૃપાથી આપણાં કલ્યાણ માટે મળે છે. પ.પૂ. હર્ષદદાદાની બીજી આજ્ઞા એ હતી કે, 'આ બાળકો શિબિરમાંથી ઘરે જાય પછી વર્ષ દરમિયાન એમની ખબર કાઢો, એમની સાથે જોડાયેલાં રહો.' તેઓની આજ્ઞાનુસાર આવો પ્રયત્ન કરવાથી જ આ યુવાનપેઢી સાથે પ્રેમના સંબંધ બંધાયા. જે મારી વ્યક્તિગત સાધનામાં આશીર્વાદ રૂપ સાબિત થયા છે. મારો ગુસ્સો નીકળી જાય અને ગુરુના-પ્રભુના પ્રેમના વાહક બની શકીએ એટલે બાળકોની સેવા આપી. ૨૫ વર્ષ સુધી જુદી જુદી રીતે બાળકો સાથે જોડી રાખ્યાં તો આજે અક્ષર અને દિવ્યાની સેવા અમારાં દોહિત્ર-દોહિત્રી છે એટલે નહીં, પણ સાચા અર્થમાં મહારાજ અને સાહેબદાદાની ભેટરૂપી અક્ષરમુકતો છે તેવા ભાવ સાથે કરવાનો પ્રયત્ન કરી છીએ તો સુખ-શાંતિ ખૂબ જ છે. અમે અંતરથી ગુરુ મહારાજ સાહેબજી અને સૌ સદ્‌ગુરુ સંતોનાં ઋણી છીએ ને રહીશું ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ફેબ્રુઆરી, શનિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ‘ઉપાસના’ના ‘સાંનિધ્ય’-બેઠક રૂમમાં સંતો-ભક્તોને સત્સંગગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. સાંજે મંદિરજીના પ્રાંગણમાં વડોદરા-‘શ્રી ભગતજી તીર્થ મહોત્સવ’માં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે બ્રહ્મજ્યોતિમાં યોજાનાર મહાયજ્ઞની પૂર્વતૈયારીની સેવામાં વ્યસ્ત સૌ સંતો-ભક્તો-સેવકોને પ્રસાદ આપી આશીર્વાદ પાઠવ્યા.

**૨ ફેબ્રુઆરી, રવિવાર...** ‘યોગીતીર્થ’-મોગરીમાં ધનંજયભાઈના ઘરે સંતો-ભક્તો સાથે પધારી નૂતન ઘરમંદિરમાં મૂર્તિઓનાં પૂજન, પ્રતિષ્ઠા અને આરતી અર્પણ કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. વસંતપંચમીના મંગલપર્વે વડોદરા-‘શ્રી ભગતજી તીર્થ’ માટે નિર્માણ કરેલ શ્રી ઠાકોરજી મહારાજ તેમજ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. ભગતજી મહારાજની મૂર્તિઓની બ્રહ્મજ્યોતિમાં સંપન્ન થયેલ શોભાયાત્રા બાદ મંદિરજીના પ્રાંગણમાં યોજેલ મૂર્તિપ્રતિષ્ઠા યજ્ઞમાં પધાર્યા. ત્યારબાદ સભામાં ‘શિક્ષાપત્રી’ તેમજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યપર્વ નિમિત્તે સૌ યજમાનો તથા ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૩ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે ‘ઉપાસના’ના ‘સાંનિધ્ય’-બેઠક રૂમમાં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સંધ્યા આરતી અર્પણ કરવા તેમજ દર્શન માટે મંદિરજી પધાર્યા. બારાસડીથી પધારેલ ભાવેશભાઈ અને ભક્તોનું સ્વાગત કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે ‘પારમિતા’ સભાખંડમાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજના સાક્ષાત્કારદિન નિમિત્તે યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૪ ફેબ્રુઆરી, મંગળવાર...** ‘ઉપાસના’ના ‘શરણમ્’માં ઉપસ્થિત સૌ સંતો-અક્ષરમુક્તોને સત્સંગલાભ આપ્યો. બપોરે વડોદરા ‘શ્રી ભગતજી તીર્થ’માં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધાર્યા. વડોદરા મંડળના સૌ અક્ષરમુક્તોએ ભેગા મળીને વિશિષ્ટ ભાવે સ્વાગત કર્યાં. આ પ્રસંગે હરિધામ-સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી ને સંતો પધાર્યા. ‘શ્રી ભગતજી તીર્થ’માં શ્રી ધામ-ધામી-મુક્ત તથા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી શંકરકાકાના નિવાસસ્થાન-‘શાંતિનિકેતન’માં પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. ‘શાંતિનિકેતન’થી અલકાપુરી કલબમાં સભાસ્થળ સુધી યુવક-યુવતીઓ સ્વાગતનૃત્ય કરતાં કરતાં દોરી લાવીને તથા ચંદ્રકાન્તભાઈ-શીલાબહેને પૂજન-પુષ્પમાળા-આરતી અર્પણ કરી ભાવથી સ્વાગત કર્યાં. શ્રી ભગતજી તીર્થના ઈતિહાસને ડૉક્યુમેન્ટરી, નાટ્ય અને નૃત્ય સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો, જેને નિહાળી તેના માર્ગદર્શકો તેમજ કલાકાર મુક્તોની સેવા બદલ પ્રસન્નતા વરસાવી સૌને આશીર્વાદ પાઠવ્યા. ઉત્સવસભામાં વૈષ્ણવ આચાર્ય ગોસ્વામી પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજરાજશ્રી મહોદયશ્રીનાં સ્વાગત કર્યાં. સભામાં મોટી સંખ્યામાં પધારેલ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સભાના અંતે સંતો-ભક્તો સાથે પ્રસાદ લઈ મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૫ ફેબ્રુઆરી, બુધવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સવારે ‘ઉપાસના’ના ‘શરણમ્’માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે અનુપમ મિશન સંચાલિત ઈન્ફોર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર (ITC)નું નૂતન નામ ‘Drs. Jitendra & Ritaben Patel Information Technology Centre’ જાહેર કર્યું. સભામાં પધારેલ સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે યુ.એસ.એ. પરત પધારતાં ડૉ. જિતુભાઈ-ડૉ. રીટાબહેનને વિદાયની શુભેચ્છાઓ-આશીર્વાદ પાઠવ્યાં.

**૬ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે ‘ઉપાસના’ના ‘શરણમ્’માં સંતો-ભક્તોને સત્સંગગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. નૂતન યજ્ઞશાળાના નિર્માણકાર્ય બાબતે માર્ગદર્શન આપવા પધાર્યા.

**૭ ફેબ્રુઆરી, શુક્રવાર...** સવારે ‘ઉપાસના’ના ‘શરણમ્’માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. કેનેડાથી પધારેલ ચિંતનભાઈ-પ્રિયાબહેનના દીકરા ચિ. ક્રિશિવના વાળની લટ કાપી તેને તેમજ પરિવારનાં સૌને આશીર્વાદ પાઠવ્યા. નિજમંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી

મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને સત્સંગગોષ્ઠિનો અદ્ભુત લાભ આપ્યો.

**૯ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે નવીનીકરણ પામેલ યજ્ઞશાળામાં પધાર્યા. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી, વિજયભાઈ ઠક્કર-દર્શનાબહેન (યુ.કે.) અને ઉપસ્થિત સૌ સંતો-ભક્તોની હાજરીમાં વિજયભાઈ ઠક્કર-દર્શનાબહેનના દીકરા અ.નિ. રોનકની સ્મૃતિમાં યજ્ઞશાળાનું નામ 'અનુપમ રોનક યજ્ઞમંડપ' જાહેર કર્યું. ત્યારબાદ યજ્ઞશાળામાં યોજાયેલ અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિયાગમાં ભાગ લીધો અને યજ્ઞ બાદ સૌને આશીર્વાદ આપ્યા.

**૧૦ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મંદિરજીમાં સંધ્યા આરતીમાં પધારી, ધૂન-પ્રાર્થનાઓ કરી. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં પધારી, યુ.કે. પરત પધારતાં વિજયભાઈ ઠક્કર-દર્શનાબહેનને શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૧૧ ફેબ્રુઆરી, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન માટે પધાર્યા. ધૂન-પ્રાર્થના કરી અમદાવાદ પધાર્યા. અમદાવાદ ઉપાસના ધામમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. શ્રી અતુલભાઈ લેખડિયા સાથે ગોષ્ઠિ કરી, સાથે પ્રસાદ ગ્રહણ કર્યો. રૂટિન સ્વાસ્થ્ય ચેક-અપ માટે સામવેદ હૉસ્પિટલમાં ડૉ. જનકભાઈ દેસાઈને ત્યાં પધાર્યા. સાંજે બ્રહ્મજ્યોતિ પરત પધાર્યા. અ.નિ. મુક્તાબાની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે હરિધામ સોખડાથી સંતો, સંત બહેનો, હરિભક્તો પધાર્યા, તેઓ સૌને દર્શનનું સુખ આપ્યું.

**૧૨ ફેબ્રુઆરી, બુધવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. બ્રહ્મજ્યોતિમાં બીમાર સંતો-ભક્તોનાં નિરામય સ્વાસ્થ્ય માટે માટે ધૂન-પ્રાર્થના કરી.

**૧૩ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. આણંદના જાણીતા ENT સર્જન ડૉ. મેહુલભાઈની હૉસ્પિટલમાં રૂટિન હેલ્થ ચેક-અપ માટે પધાર્યા. ત્યાંથી પરત પધારી મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સૌનાં સુખદ જીવન માટે પ્રાર્થના કરી.

**૧૪ ફેબ્રુઆરી, શુક્રવાર...** 'યોગી ડે' નિમિત્તે સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં ઉપસ્થિત સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. વડોદરાથી પધારેલ સૌ ભક્તોને સત્સંગગોષ્ઠિનો અદ્ભુત લાભ આપ્યો.

**૧૫ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મુંબઈનાં નિષ્ઠાવાન ભક્તરાજ તપનભાઈ-ઉમાબહેનને આશીર્વાદ આપ્યા.

**૧૬ ફેબ્રુઆરી, રવિવાર...** શ્રી યોગી આરોગ્ય કેન્દ્રમાં યોજાયેલ નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કૅમ્પમાં પધારી ડૉ. ઋજુબહેન, ડૉ. ભાવિબહેન તેમજ કાર્યકર્તાઓને કૅમ્પની સફળતા માટે ધૂન કરી આશીર્વાદ આપ્યા. ત્યાંથી રૂટિન સ્વાસ્થ્યતપાસ માટે અમદાવાદ પધાર્યા. 'યુનિટી'માં પધારી સૌ સ્થાનિક ભક્તોને સત્સંગલાભ આપ્યો.

**૧૭ ફેબ્રુઆરી, સોમવાર...** સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના ૬૧મા પ્રાગટ્યદિન નિમિતે સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં ભક્તોને તેઓનાં જીવન-માહાત્મ્યની અદ્ભુત વાતો કરી, પૂજન કરી તેઓને આશીર્વાદ આપ્યા. સાંજે 'પારમિતા' સભાખંડમાં પૂ. મનોજદાસજીના પ્રાગટ્યદિનની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ ફેબ્રુઆરી, મંગળવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને અદ્ભુત સત્સંગલાભ આપ્યો. યુ.એસ.એ. પરત પધારતાં ડૉ. તેજનભાઈ-પારુલબહેન પટેલને વિદાયવેળાએ શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૧૯ ફેબ્રુઆરી, બુધવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. યુ.એસ.એ.થી પધારેલ અમિતાબહેન મિલનકુમાર પટેલને સત્કારી આશીર્વાદ આપ્યા.

**૨૦ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે 'ઉપાસના'ના 'શરણમ્'માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. ધુળેટી પર્વ નિમિત્તે સાંજે મંદિરજીની પ્રદક્ષિણાભક્તિ અદા કરતા સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં આરતી-દર્શન કરી, સૌનાં સુખદ જીવન માટે ધૂન-પ્રાર્થના કરી.

**૨૧ ફેબ્રુઆરી, શુક્રવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી બારાસડી પ્રતિ પ્રસ્થાન કર્યું. બપોરે હાઈવે ઉપર કીમ ગામ પાસે નીલેશભાઈ-પ્રિયંકાબહેનની 'ગૅલોપ્સ' રૅસ્ટોરન્ટમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી બારાસડી પધાર્યા. ભાવેશભાઈ-કાન્તુદાદા અને પરિવારે ભવ્ય સ્વાગત કર્યાં. કાન્તુદાદાના ઘરેથી 'અનુપમ સંસ્કારધામ' સુધી ભક્તોએ બાઈક રેલી દ્વારા શોભાયાત્રામાં ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-આશિષનું સુખ આપ્યું. રાત્રે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો અને ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. 'અનુપમ સંસ્કારધામ' માટે જેઓએ સમર્પણ કર્યાં છે એવા વડીલ માવતર કાન્તુદાદા અને પરિવારના મુક્તો, ભાવેશભાઈ અને મિત્રમંડળ તેમજ દક્ષિણ ગુજરાતના શ્રેષ્ઠીશ્રીઓનાં સન્માન-અભિવાદન કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે 'અનુપમ સંસ્કારધામ'ની ખાત પંચેષ્ટિકા વિધિ અત્યંત ભક્તિભાવે સંપન્ન થઈ. આ વિધિમાં ઉપસ્થિત રહી ૮૬ જેટલાં યજમાન યુગલો તેમજ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. 'અનુપમ સંસ્કારધામ'ની સેવામાં જોડાયેલ સર્વે ભક્તો તથા ઉપસ્થિત મહાનુભાવોનાં અભિવાદન કર્યાં. સોખડાથી પધારેલ પૂ. નિર્મળ સ્વામીજી અને સંતોનાં સ્વાગત કર્યાં. સાંજે વૈશાલીબહેન-સંજયભાઈ (હ્યુસ્ટન-યુ.એસ.એ.)ના તુંડીમાં નિર્માણ થયેલા આવાસમાં પધરામણી કરી આશીર્વાદ વરસાવ્યા. નિઝરમાં શૈલેશભાઈ-વૈશાલીબહેનના નૂતન આવાસમાં મહાપૂજા કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. રંજનબહેનના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી. રાત્રે કાન્તુદાદા-ઊર્મિલાબાના ઘરે પધારી તેઓ તથા સૌ પરિવારજનો સાથે ગોષ્ઠિ કરી રાત્રિરોકાણ કર્યું.

**૨૩ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે બારાસડી ગામમાં હિતેશભાઈ, યોગેશભાઈ, મગનભાઈ, નીલેશભાઈ, ચિમનભાઈ, નવીનભાઈના ઘરે પધરામણી કરી. નવીનભાઈના દીકરા અમૅરિકામાં ધામમાં ગયા હોવાથી ધૂન-પ્રાર્થના કરી. બારાસડીમાં દીનાબહેન-પરેશભાઈના ઘરે પધારેલ નાની ધામરોડના ભક્તોને આશીર્વાદ આપ્યા. નાની ધામરોડમાં સંજયભાઈ, લાલાભાઈ, આશિષભાઈના ઘરે પધરામણી કરી. ત્યાંથી બારડોલીમાં પરેશભાઈ-મંજુબહેનના ઘરે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. રૂવામાં જયશ્રીબહેન-વિજયભાઈના ઘરે પધાર્યા. સ્થાનિક ભક્તોને સત્સંગનો લાભ આપ્યો. શાંતાબહેન-લલ્લુભાઈ, અજયભાઈ-નયનાબહેન જિજ્ઞેશભાઈ-વૈશાલીબહેનના ઘરે, ભરમપુરમાં દીપકભાઈ-કોકિલાબહેનના ઘરે, ડુંગરમાં તૃપ્તિબહેન-હેમંતભાઈના ફાર્મહાઉસમાં પધરામણી કરી મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૨૪ ફેબ્રુઆરી, સોમવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન કર્યા બાદ સભામાં સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. બારીન્દ્રભાઈ, સુરેન્દ્રભાઈને ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે 'અક્ષરમહોલ'માં માહાત્મ્યદર્શન સભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાની મહિમાસભર વાતોનું શ્રવણ કરી આનંદ માણ્યો.

**૨૫ ફેબ્રુઆરી, મંગળવાર...** સવારે 'પરિમલ'-સંતનિવાસમાં પધારી સંતોને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. સાંજે મંદિરજીમાં આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કરી. રાત્રે 'અક્ષરમહોલ'માં યોજેલ માહાત્મ્યદર્શન સભામાં પધારી સાધુ પૂ. ઉત્પલદાસજીની મહિમાસભર વાતોનું શ્રવણ કરી આનંદ માણ્યો તથા આશીર્વાદ આપ્યા.

**૨૬ ફેબ્રુઆરી, બુધવાર...** સાંજે 'તીરથ'ના ઑડિટોરિયમમાં યોજેલ સંતસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે 'અક્ષરમહોલ'માં યોજેલ માહાત્મ્યદર્શન સભામાં પધારી સાધુ પૂ. સતીશદાસજીની મહિમાસભર વાતોનું શ્રવણ કરી આનંદ માણ્યો તથા 'વચનામૃત' ગઢડા મધ્ય-૭ના આધારે સમજ આપી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ ફેબ્રુઆરી, ગુરુવાર...** ફ્લૉરિડા-યુ.એસ.એ.થી પધારેલ નીલેશભાઈ-મંજુબહેનનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા. ધુળેટી પર્વ નિમિત્તે સાંજે મંદિરજીની પ્રદક્ષિણાભક્તિ અદા કરતા સંતો-ભક્તોને દર્શન-આશિષનું સુખ આપ્યું. મંદિરજીમાં આરતી-દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી. રાત્રે 'અક્ષરમહોલ'માં યોજેલ માહાત્મ્યદર્શન સભામાં પધારી યોગીબાપા સાથેના તેમજ શાળા-કૉલેજ સમયના પ્રસંગોનાં વર્ણન દ્વારા સૌ સંતો-ભક્તોને બ્રહ્માનંદ કરાવી આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ ફેબ્રુઆરી, શુક્રવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં સભામાં સત્સંગનો અદ્‌ભુત લાભ આપ્યો તથા યુ.એસ.એ.થી પધારેલ શીતલબહેન ગાંધીને આશીર્વાદ પાઠવ્યા. ◆



ખાતપંચેષ્ટિકા મહાપૂજન વિધિમાં બિરાજમાન... ભાવેશભાઈ-કિરપાબહેન...



યોગેશભાઈ-ભાવનાબહેન...



ખાતપંચેષ્ટિકા મહાપૂજન વિધિમાં બિરાજમાન... હિતેશભાઈ-વિભાબહેન...



અજયભાઈ-કામિનીબહેન...



આશિષભાઈ-પારુલબહેનનાં સન્માન



અમરભાઈ પટેલનાં સન્માન

**Statement about ownership and other particulars about newspaper**

**BRAHMANIRZAR**

(FORM IV, Rule 8)

| | |
|---|---|
| 1. Place of publication | : Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 2. Periodicity of Publication | : Monthly |
| 3. Printer's name, Nationality & Address | : Shri Pradip S. Giri, Indian<br>Prizam Printers and Publishers Ltd.<br>Premsagar, Nr. Madhuli Restaurant, Vallabhvadi,<br>Bhairavnath Road, Maninagar, Amdavad-8, Gujarat |
| 4. Founder Editor | : Shantibhai F. Patel |
| 5. Publisher's name, Nationality & Address | : Shri Dilipbhai V. Desai, Indian<br>Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 6. Editor's name, Nationality & Address | : Shri Sandipbhai R. Shah, Indian<br>Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 7. Name & Address of individuals who own the newspaper, shareholders and partner or Shareholders holding more than one percent of the total capital. | : Anoopam Mission<br>Registered Trust<br>Brahmajyoti,<br>Yogiji Marg, Mogri 388 345<br>Gujarat |

I Shri Dilipbhai V. Desai, hereby declare that the particulars above given are true to the best of my knowledge and belief.

Dilipbhai V. Desai
Signature of Publisher

**Date : 15 March, 2025**




કાન્તુદાદા, ભાવેશભાઈ, યોગેશભાઈનાં સન્માન



સહકારી ક્ષેત્રના અગ્રણી સમાજસેવક શ્રી ભીખાભાઈ અને અનિલભાઈનાં સન્માન



હસમુખભાઈ–મીનાબહેનનાં અભિવાદન




ભાવેશભાઈ (ઉપપ્રમુખશ્રી, બારડોલી સુગર ફૅક્ટરી)નાં સન્માન



રાજેશભાઈ–કૌશિકાબહેનનાં અભિવાદન



દિનાબહેનનાં અભિવાદન

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-3-2025 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand, Gujarat, India * Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**